RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 247* Date: 27.06.2023, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં વરસાદની આગાહી

# રાજ્યમાં આગામી પાંચ દિવસ અતિ ભારે વરસાદની આગાહી



ગુજરાતમાં વિધિવત રીતે ચોમાસું બેસી ગયુ છે અને છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના અનેક જિલ્લામાં ભારે વરસાદને પગલે જળબંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ થયુ છે ત્યારે હવમાન વિભાગે રાજયમાં આગામી ૫ દિવસ અનેક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે તેમજ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ૨૪ કલાક બાદ ચોમાસાનું જોર વધી શકે છે. આ દરમિયાન આજે સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.હવમાન વિભાગના અનુમાન મુજબ આજથી આગામી ૫ દિવસ વરસાદી માહોલ સર્જાશે જેના પગલે ભેજનું પ્રમામ ઓછું થશે અને વાતાવરણમાં ઠંડક પ્રસરી જશે. આ ઉપરાંત હવામાન વિભાગે આપેલી માહિતી મુજબ આજે રાજ્યમાં બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા, અરવલ્લી, ખેડા, મહિસાગર, પંચમહાલ સહિતના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના છે. જ્યારે સૌરાષ્ટ્ર, કચ્છમાં પણ વરસાદ થઈ શકે છે. આગમી બે દિવસ દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, ડાંગમાં ભારે વરસાદ થઈ શકે છે. આ ઉપરાંત આજે અને આવતીકાલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. આ સાથે જ ૨૮મી તારીખે દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદી શક્યતા છે અને ૨૯મી તારીખે દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં ગઈકાલે સવારના સમયે ભેજનું પ્રમાણ ૭૮ ટકા જ્યારે સાંજના સમયે ભેજનું પ્રમાણ ૭૮ ટકા રહ્યું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ અમદાવાદમાં આગામી બે દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે તેમજ આજે કેટલાક ભાગોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટા પડી શકે છે. અમદાવાદમાં આગામી ૨૮થી ૩૦ જૂન દરમિયાન ગાજવીજ સાથે વરસાદ પડે તેવી સંભાવના છે. આ ઉપરાંત આગામી ૩૦ જૂન સુધી સરેરાશ મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રીની આસપાસ જ રહેશે.

હવામાન વિભાગ દ્વાર આપવામા આવેલી આગાહી મુજબ દ્વારકા, જામનગર, મોરબીમાં વરસાદ થઈ શકે છે. તેમજ સુરેન્દ્રનગર, જૂનાગઢ, બોટાદમાં વરસાદ થવાની સંભાવના છે. આ ઉપરાંત રાજકોટ, પોરબંદર, ગીર સોમનાથ, કચ્છ, અમરેલી, ભાવનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, નર્મદા, ભરૂચ, અરવલ્લી, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, દાહોદ, પંચમહાલ, વડોદરા, સુરત, તાપી, વલસાડ, ડાંગમાં વરસાદ થઈ શકે છે.રાજ્યમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ થઈ ગયો છે. બિપરજોય વાવાઝોડાને પગલે આ વર્ષે નિયત સમય કરતા ૧૦ દિવસ મોડું શરુ થયુ છે ત્યારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૯૪ તાલુકામાં મેઘરાજા વરસ્યા હતા. ભાવનગરના ઘોઘામાં સૌથી વધુ ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો અને અનેક જગ્યાએ પાણી ભરાય ગયા હતા.

## ભાજપને મોટો ફટકો! સિંધિયાના નજીકના વધુ એક નેતાનું રાજીનામું, આજે ફરી કોંગ્રેસનો થામશે 'પંજો'





મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય હિલચાલ વધતી જઈ રહી છે. ભાજપ, કોંગ્રેસના નેતાઓમાં આગળ નીકળવાની જાણે હોડ મચી ગઈ છે. ભાજપ માટે હાલમાં એક આંચકાજનક અહેવાલ આવ્યા છે. જ્યોતિરાદિત્ય સિંધિયાના નજીકના ભાજપના નેતા અને શિવપુરીથી જિલ્લા ઉપાધ્યક્ષ રાકેશ ગુપ્તાએ તેમના પદેથી રાજીનામુ આપી દીધું છે.

પૂર્વ ભાજપ નેતા રાકેશ ગુપ્તા સિંધિયાના નજીકના હતા. ભાજપ છોડતાં તેમણે કહ્યું કે હું સિંધિયા સાથે ભાજપમાં જોડાયો તો ખરો પણ ત્યાં અમને કોઈ સન્માન ન મળ્યું. સિંધિયાને ટેકો આપનારા અમુક જ ધારાસભ્યો અને મંત્રીઓને લાભ થયો છે. જોકે કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયેલા નેતાઓને કંઈ મળ્યું નથી. તેમના સન્માનને પણ આંચકો લાગ્યો છે. ઉલ્લેખનીય છે કે રાકેશ ગુપ્તા હાલમાં શિવપુરી જિલ્લાથી ભાજપના જિલ્લા ઉપાધ્યક્ષ હતા.

ભાજપમાંથી રાજીનામુ આપનારા રાકેશ ગુપ્તા કોંગ્રેસમાં શિવપુરના જિલ્લાધ્યક્ષ હતા. જ્યોતિરાદિત્ય સિંધિયાએ પાર્ટી છોડ્યા બાદ ૨૦૨૦માં તેઓ પણ ભાજપમાં જોડાઈ ગયા હતા પણ તેમને પૂરતું માન ન મળતાં ભાજપમાંથી રાજીનામું આપી દીધું. તેઓ આજે હવે ફરી કોંગ્રેસમાં જોડાશે. તેઓ ૨૦૦ ગાડીઓ અને લગભગ એક હજાર સમર્થકોની સાથે ભોપાલમાં પીસીસી પહોંચવા નીકળી ચૂક્યા છે. કમલનાથની હાજરીમાં તેઓ કોંગ્રેસમાં સામેલ થશે.

## દેશમાં અનેક રાજ્યોમાં ભારે વરસાદ, હિમાચલમાં પુરને કારણે ૨૦૦ લોકો ફસાયા, મહારાષ્ટ્રમાં બેના મોત






દેશની રાજધાની દિલ્હી સહિત અનેક રાજ્યમાં ચોમાસાનું આગમન થઈ ચૂક્યું છે અને ગઈકાલથી જ દેશના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો હતો. ગુજરાત, મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણ જેવા પ્રદેશોમાં ગઈકાલથી જ ભારે વરસાદ પડી રહ્યો છે. અનેક શહેરોમાં હવામાન બદલતા અને ભારે વરસાદ ખાબકતા જનજીવન પર અસર દેખાઈ રહી છે. કેટલીક જગ્યાએ ભારે વરસાદને પગલે રસ્તાઓ પર પાણી ભરાય જવાને પગલે રસ્તાઓને બંધ કરી દેવામાં આવ્યા છે તો કેટલાક શહેરમાં પૂર જેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. દેશના મોટાભાગના રાજ્યોમાં ચોમાસાનો વિધિવત રીતે પ્રારંભ થઈ ગયો છે. જેના કારણે અનેક જગ્યાએ મધ્યમ અને ભારે વરસાદ થયો હતો. હિમાલયન રાજ્ય ઉત્તરાખંડના કેદારનાથમાં ભારે વરસાદને કારણે યાત્રા ખોરવાઈ ગઈ હતી, જ્યારે બદ્રીનાથ ધામ પાસે કંચન ગંગામાં ઘોડાપુરને કારણે બદ્રીનાથ હાઈવે લગભગ ૩૦ મીટર ધોવાઈ ગયો હતો. આ ઉપરાંત પૂર્વોત્તર રાજ્ય આસામમાં પૂરના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. મહારાષ્ટ્રમાં, મુંબઈમાં બાલ્કનીમાંથી પડીને બે વરિષ્ઠ નાગરિકોના મોત થયા છે. છત્તીસગઢના જશપુરમાં વીજળી પડવાથી એક જ પરિવારના બે લોકોના મોત થયા છે. વરસાદને કારણે અનેક જગ્યાએ પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. રેલ અને માર્ગ વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે. ભારે વરસાદને પગલે અનેક ફ્લાઈટોને ડાયવર્ટ કરવી પડી હતી. સ્તાઓ પર ટ્રાફિક જામના દ્રશ્યો જેવા મળી રહ્યા છે તેમજ અનેક શહેરોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે.

## જમ્મુ-કશ્મીરમાં NIAના છ સ્થળોએ દરોડા, આતંકવાદ સાથે જોડાયેલા કેસમાં કાર્યવાહી હાથ ધરાઈ

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ આજે જમ્મુ-કશ્મીર ઘાટીમાં લગભગ છ સ્થળો પર દરોડા પાડ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ દરોડા આતંકવાદી ગતિવિધિ સાથે જોડાયેલા એક કેસની તપાસના સંદર્ભમાં કરવામાં આવ્યા છે. આજે સવારે સુરક્ષા દળો સાથે એજન્સીની ટીમો બાંદીપોરા, કુલગામ, પુલવામા અને શોપિયાં પહોંચી હતી. રાજ્યના આ ચાર જિલ્લામાં છ સ્થળોએ તપાસ કરવામાં આવી રહી છે. રાજ્ય તપાસ એજન્સીએ શ્રીનગરમાં રાષ્ટ્રવિરોધી અને અલગતાવાદી પ્રવૃત્તિઓ માટે સોશિયલ મીડિયાના દુરુપયોગના સંબંધમાં ઘાટીના ચાર જિલ્લામાં છ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જે




વ્યક્તિઓ અને સંગઠનો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી તે વિદેશી સહયોગીઓ સાથે મળીને ઘાટીમાં આતંકવાદ પ્રોત્સાહન આપવાની શંકા છે.અધિકારીના જણાવ્યા અનુસાર, એજન્સીએ કુપવાડા, અનંતનાગ, પુલવામા અને શ્રીનગર જિલ્લામાં છ સ્થળોએ સર્ચ હાથ ધર્યું હતું.

## અમદાવાદમાં અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ શરુ, એસજી હાઈવે પર ટ્રાફિકજામ



હવામાન વિભાગની પાંચ દિવસની આગાહી વચ્ચે અમદાવાદ શહેરના અનેક વિસ્તારોમાં વરસાદ શરુ થયો છે. એસજી હાઈવે પર સોલા, ગોતા, હાઈકોર્ટ, સાયંસ સિટી સહિતના વિસ્તારમાં વરસાદ પડતા ઠેર-ઠેર ટ્રાફિકજામ થયો છે. બીજી તરફ રાણીપ, પાલ, અડાજણમાં પણ ઝરમર વરસાદ વરસી રહ્યો છે. આજે અનેક જિલ્લાઓમાં વરસાદની આગાહી છે. ગુજરાતમાં ગઈકાલે ચોમાસાનો વિધિવત રીતે પ્રારંભ થયા બાદ હવામાન વિભાગે આગામી પાંચ દિવસ ભારે વરસાદની આગાહી કરી હતી જેના પગલે અમદાવાદમાં અનેક વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે. અનજી હાઈવે પર હાઈકોર્ટ, સોલા, ગોતા બ્રિજ પર વરસાદ પડી રહ્યો છે જેના પગલે અનેક જગ્યાએ ટ્રાફિકજામ થયો હતો. આ સાથે જ રાણિપ, ઘાટલોડિયા, નારાણપુરામાં ઝરમર વરસાદ વરસી રહ્યો છે. શહેરમાં વરસાદને પગલે વિઝિબ્લિટી ઓછી થવાના કારણે વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે તેમજ કારચાલકોને પોતાના કારની લાઈટ ચાલુ રાખીને કાર ચલાવવી પડે છેઆજે હવામાન વિભાગ દ્રાર આપવામા આવેલી આગાહી મુજબ દ્વારકા, જામનગર, મોરબીમાં વરસાદ થઈ શકે છે. તેમજ સુરેન્દ્રનગર, જૂનાગઢ, બોટાદમાં વરસાદ થવાની સંભાવના છે. આ ઉપરાંત રાજકોટ, પોરબંદર, ગીર સોમનાથ, કચ્છ, અમરેલી, ભાવનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, નર્મદા, ભરૂચ, અરવલ્લી, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, દાહોદ, પંચમહાલ, વડોદરા, સુરત, તાપી, વલસાડ, ડાંગમાં વરસાદ થઈ શકે છે.દેશના મોટાભાગના રાજ્યોમાં ચોમાસાનો વિધિવત રીતે પ્રારંભ થઈ ગયો છે. જેના કારણે અનેક જગ્યાએ મધ્યમ અને ભારે વરસાદ થયો હતો. હિમાલયન રાજ્ય ઉત્તરાખંડના કેદારનાથમાં ભારે વરસાદને કારણે યાત્રા ખોરવાઈ ગઈ હતી, જ્યારે બદ્રીનાથ ધામ પાસે કંચન ગંગામાં ઘોડાપુરને કારણે બદ્રીનાથ હાઈવે લગભગ ૩૦ મીટર ધોવાઈ ગયો હતો.

## મણિપુરમાં સેનાની મોટી કાર્યવાહી: સર્ચ ઓપરેશન દરમિયાન ૧૨ બંકરો તબાહ

ઈમ્ફાલ, તા. ૨૬

છેલ્લા ૨૪ કલાકમાં હિંસા પ્રભાવિત મણિપુરમાં વિભિન્ન જિલ્લાઓમાં કેન્દ્રીય સુરક્ષા દળોએ કથિત રીતે ઉગ્રવાદીઓ દ્વારા બનાવવામાં આવેલા ૧૨ બંકરોને નષ્ટ કરી દીધા છે. પોલીસે આ જાણકારી આપી છે.મણિપુર પોલીસે જારી કરાયેલા એક નિવેદનમાં જણાવ્યું કે, રાજ્ય પોલીસ અને કેન્દ્રીય દળોએ તામેંગલોંગ, ઈમ્ફાલ ઈસ્ટ, બિષ્ણુપુર, કાંગપોકપી, ચુરાચંદપુર અને કાકચિંગ જિલ્લામાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને પહાડીઓ અને ઘાટીમાં ૧૨ બંકરો નષ્ટ કર્યા છે.મણિપુર પોલીસે જણાવ્યું કે સ્થિતિ તંગ છે પરંતુ કેટલાક સ્થળો નિયંત્રણમાં છે કેટલાક છૂટાછવાયા બનાવો બન્યા છે પરંતુ રાજયના મોટાભાગના જિલ્લાઓમાં સ્થિતિ સામાન્ય છે.નિવેદનમાં જણાવ્યું કે, તેમણે કર્ફ્યુ ઉલ્લંઘન, ત્યજી દેવાયેલા મકાનોમાં ચોરી, આગચંપી વગેરે મામલે ૧૩૫ લોકોની ધરપકડ કરી છે.



### તંત્રી લેખ......

# રશિયામાં સૈન્ય સામે રશિયન ભાડૂતી સૈનિકોના ગૃપનો બળવો રાષ્ટ્રપતિ પુતિન માટે આપત્તિરૂપ

રશિયા પાસે વિશ્વની સૌથી શક્તિશાળી અને સૌથી મોટી સેના છે, પરંતુ અત્યાર સુધીના યુક્રેન પરના આક્રમણમાં એવું બિલકુલ લાગ્યું નથી. પશ્ચિમના મોટા ભાગના લશ્કરી બાબતોના વિશ્લેષકો યુદ્ધભૂમિમાં રશિયાના પ્રદર્શન સામે અવાક છે, તેને નિરાશાજનક પણ ગણાવી દીધું છે. તેની લશ્કરી આગેકૂચ અટકી ગઈ હોય તેવું લાગે છે. એ વાતમાં રશિયાએ પ્રથમ ભૂલ યુક્રેનની પ્રતિકારની શક્તિને ઓછી આંકવાની કરી હતી. રશિયાનું વાર્ષિક સંરક્ષણ બજેટ ૬૦ અબજ ડૉલરની સરખામણીમાં યુક્રેનનું બજેટ માત્ર ચાર અબજ ડૉલરનું છે. પણ હવે એવા અહેવાલ આવી રહ્યા છે કે રશિયન સૈનિકોનું મનોબળ ઘટી રહ્યું છે. યુક્રેન દાવો કરે છે કે ૧૪,૦૦૦ રશિયન સૈનિકો માર્યા ગયા છે, જ્યારે અમેરિકાનો અંદાજ છે કે આ સંખ્યા અડધી હોઈ શકે છે.

રશિયા તથા યુક્રેનના અધિકારીઓએ બેલારુસની સરહદે મંત્રણા પણ કરી રહ્યા છે. તેમાં બહુ પ્રગતિ ન થઈ હોય, તો પણ વાતચીત માટે સહમત થઈને પુતિને વાટાઘાટ મારફત યુદ્ધવિરામની શક્યતાનો સ્વીકાર જરૂર કર્યો છે. પુતિન કદાચ વિનાશક યુદ્ધને આગળ ધપાવી રહ્યા છે. તેથી હજારો રશિયન સૈનિકો મૃત્યુ પામશે. આર્થિકપ્રતિબંધો નુકસાનકારક સાબિત થશે. પુતિન નાગરિકોનું સમર્થન ગુમાવશે. લોકક્રાંતિનું જોખમ પણ છે, એવા વિરોધને દબાવવા માટે પુતિન રશિયાના આંતરિક સલામતી દળોનો ઉપયોગ કરી શકે, પરંતુ એ પગલું જોખમી સાબિત થાય અને રશિયાના લશ્કરી, રાજકીય તથા આર્થિક ક્ષેત્રના ચુનંદા સભ્યો તેમની વિરુદ્ધ થઈ જાય એવું બની શકે. પરંતુ પુતિનને કારણે જેમને અત્યાર સુધી લાભ થયો છે એ લોકો એવું માનવા લાગે કે પુતિન હવે તેમનાં હિતોનું રક્ષણ કરી શકે તેમ નથી, તો પુતિનની રવાનગી અશક્ય નથી.

રશિયાના સૈન્ય સામે રશિયન ભાડૂતી સૈનિકોના ગ્રૂપે દેશમાં જ મોરચો ખોલીને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતીન માટે મુશ્કેલી ઊભી કરી છે. રશિયન ભાડૂતી સૈનિકોના જૂથ વાગનર ગ્રૂપના પ્રમુખ યેવગેની પ્રિગોઝિને કહ્યું છે કે તેઓ 'રશિયાના લશ્કર નેતૃત્વને ઉખાડીને જ જંપશે.' તેના પહેલાં રશિયાએ તેની પર 'સૈનિક વિદ્રોહ'નો આરોપ લગાવ્યો હતો. વાગનર ગ્રૂપના લડવૈયાઓ યુક્રેનની સરહદ પાર કરીને રશિયાના રૉસ્તોવ-ઑન-ડૉન શહેરમાં ઘૂસ્યા છે. આ દરમિયાન યેવગેની પ્રિગોઝિને રૉસ્તોવ-ઑન-ડૉન શહેરમાં રશિયાની સેનાના દક્ષિણ મુખ્યાલય પર નિયંત્રણ કરી લીધું છે. પ્રિગોઝિને કહ્યું છે કે, જો રશિયાના સંરક્ષણમંત્રી સર્ગેઈ શોઈગૂ અને જનરલ વાલેરી ગારાસિમોવ તેમને મળવા નહીં આવે તો તેઓ મૉસ્કો તરફ આગળ વધશે. આ દરમિયાન મૉસ્કોને દક્ષિણ પ્રાંત સાથે જોડનારો મહત્ત્વપૂર્ણ હાઈવે બંધ કરી દીધો છે. વાગનર સમૂહ ખાનગી લડવૈયાઓની એક સેના છે, જે યુક્રેન યુદ્ધમાં રશિયન સેના સાથે મળીને લડી રહી છે. યુદ્ધમાં લડાઈની પદ્ધતિને લઈને વાગનર સમૂહ અને રશિયન સેના વચ્ચે તણાવ વધી રહ્યો હતો. આ દરમિયાન યેવગેની પ્રિગોઝિન રશિયાના સૈન્ય કમાન્ડરો પ્રત્યે વધુ આક્રામક થતા જઈ રહ્યા હતા. યેવગેની એ કહ્યું છે કે રશિયાના સૈન્ય નેતૃત્વ પર પ્રભુત્વ ધરાવતા 'દુષ્ટ'ને રોકવું જરૂરી છે. તેઓ તેમના ન્યાય માટે આગળ વધશે. ઉલ્લેખનીય છે કે યુક્રેનમાં વાગનર ગ્રૂપ સાથે હજારો ભાડૂતી સૈનિક યુક્રેનમાં રશિયા માટે લડી રહ્યા છે.

## ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહ : ૨૦૨૩

# રાજયના શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્રો અને તેના કલાકાર-કસબીઓને તા.૨૭મી જૂનના રોજ પારિતોષિક એનાયત કરાશે

### શ્રેષ્ઠ નિર્માતા,શ્રેષ્ઠ નિર્દેશક,શ્રેષ્ઠ ચલચિત્ર,તેમજ શ્રેષ્ઠ કલાકાર સહિતની વિવિધ ૪૬ કેટેગરીમાં આશરે ૧૮૧ ચલચિત્ર પારિતોષિક નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે એનાયત થશે

ગુજરાતના નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને આવતી કાલે તા.૨૭ જુનના રોજ ગાંધીનગર ખાતે શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્રો અને તેના કલાકાર-કસબીઓને પારિતોષિક અર્પણ કરવામાં આવશે. આ સમારંભમાં નાણામંત્રીના હસ્તે વિવિધ ૪૬ કેટેગરીમાં આશરે ૧૮૧ ચલચિત્ર પારિતોષિક એનાયત કરવામાં આવનાર છે. ગુજરાતી ચલચિત્રો તેમજ તેની સાથે સંકળાયેલા કલાકાર-કસબીઓને પ્રોત્સાહન પુરૂ પાડવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાત સરકાર પ્રયત્નશીલ છે. જેના ભાગરૂપે માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળની માહિતી નિયામકની કચેરી દ્વારા દર વર્ષે શ્રેષ્ઠ ચલચિત્રોને પારિતોષિક અર્પણ કરવામાં આવે છે.ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહમાં વર્ષ ૨૦૧૬-૧૭, વર્ષ ૨૦૧૭-૧૮, વર્ષ-૨૦૧૮ અને વર્ષ-૨૦૧૯ મળી ચાર વર્ષ દરમિયાનની ચલચિત્રોને સમાવવામાં આવી છે. નવા સચિવાલય,સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે દ્વારકા હૉલમાં સવારે ૯.૩૦ કલાકે યોજાનાર આ સમારોહમાં શ્રેષ્ઠ નિર્માતા, શ્રેષ્ઠ નિર્દેશક,શ્રેષ્ઠ ચલચિત્ર, શ્રેષ્ઠ વેશભૂષા,શ્રેષ્ઠ સંગીત નિદર્શન તેમજ શ્રેષ્ઠ કલાકાર સહિતની અલગ અલગ ૪૬ કેટેગરીમાં આશરે ૧૮૧ ચલચિત્ર પારિતોષિક એનાયત કરવામાં આવનાર છે. જેમાં રોંગ સાઈડ રાજુ, હેલ્લારો, કેરી ઓન કેસર, લવની ભવાઈ, ગુજ્જુભાઈ:મોસ્ટ વૉન્ટેડ, કરસનદાસ પે એન્ડ યુઝ, રેવા તેમજ બેસ્ટ ઓફ લક લાલુ સહિતની મુખ્ય ફિલ્મોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રૂ.૨૧ હજારથી લઈને રૂ.૨.૫૦ લાખની મર્યાદામાં અલગ અલગ શ્રેણીમાં પારિતોષિકની રકમનું ચૂકવણું અગાઉથી જ આ કલાકારોને કરી દેવામાં આવ્યું છે.ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહમાં પ્રતિક ગાંધી, જિગરદાન ગઢવી, રાહુલ ભોલે, અભિષેક જૈન, અભિષેક શાહ, કિર્તીદાન ગઢવી, વિપુલ મહેતા, મલ્હાર ઠાકર, આરોહી પટેલ, સાધના સરગમ, સુપ્રિયા પાઠક તેમજ સિધ્ધાર્થ રાંદેરિયા સહિતના ખ્યાતિપ્રાપ્ત કલાકાર-કસબીઓ ઉપસ્થિત રહેશે. નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં યોજાનાર આ કાર્યક્રમમાં માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ તેમજ માહિતી નિયામક શ્રી ડી.કે.પારેખ ઉપસ્થિત રહેશે.

વિપુલ ચૌહાણ




# લોકપાલના લેખા જોખા-,ખોદ્યો ડુંગરને કાઢ્યો ઉંદર !!

એક અરજી ત્રણ લાખ ચુમ્માલીસ હજાર બસો સત્યાશી રૂપિયામાં પડી!!!

આપણે જાહેરજીવન શુધ્ધ થાય તે માટે તત્પર હોઈએ છીએ.આવકના જાહેર સ્ત્રોત સામે અપ્રમાણસર મિલકત પકડવા મહેનત કરીએ છીએ. લાંચિયા જીવોને પકડવા છટકા ગોઠવીએ છીએ. ઉંદરના માસથી કંટાળીને ઉંદર પકડવા પાંજરા મુકીએ છીએ. પાંજરાના મિકેનિઝમમાં ખામી હોય ન હોય એ ભગવાન જાણે!! અલબત, ઉંદરડા પણ સ્માર્ટ બની ગયા છે. ઉંદરો તેમની સ્માર્ટનેસ પ્રદર્શિત કરૂં પીંજરાની અંદર સળિયામાં ભરાવેલી રોટલી પાંજરામાં પ્રવેશ કરી પકડાયા સિવાય રોટલી લઈને રફૂચકકર થઈ જાય છે!! લાંચિયા જીવો પણ તંત્રનાં મળેલા અને ભળેલાની મદદથી બાઈજજત બરી થઈ જાય છે!!! સીવીસી કે વીસીની ગાઈડલાઈનની કી ઐંસી કી તૈંસી કરી નાંખે છે!!

લાંચ રૂશવત તંત્ર દ્વારા કરવામાં આવતી ડીકોય કોર્ટમાં સાબિત થતી નથી!! કેમ કે વિદ્વાન અને બાહોશ વકીલ ( વકીલાત સિવાયના ધંધામાં પર્તિસ્પર્ધીને દુશ્મન ગણવામાં આવે છે!! જ્યારે વકીલાતના ધંધામાં રાજુ રદી જેવા ડફોળ અને ચંદુ ચૌદસ જેના નલ્લાને પણ મારા વિદ્વાન વકીલ મિત્ર કહીને સંબોધવામાં આવે છે.જે તમામ માટે અનુકરણીય અને અનુસરણીય છે વાસ્તવમાં વકીલ પૈસા સિવાય કોઈના મિત્ર હોતા નથી!!) સાહેબો તેની ધારદાર દલીલોથી એસીબીને લોહીલુહાણ કરી નાંખે છે.ડીકોયની સફળતાનો દર ડબલ ફિગરે પહોંચી શકતો નથી!!

આપણે વરસમાં એક વાર ભ્રષ્ટાચાર નિર્મૂલન સપ્તાહની ઉજવણી કરીએ છીએ. એનો સીધો અર્થ એ થાય કે વરસના એકાવન અઠવાડિયા અંડર ટેબલ કે ઓવર ટેબલ " ખુલ્લમખુલ્લા પ્યાર કરેંગેં હમદોનોની માફક ટ્રાન્સપરન્ટ ભ્રષ્ટાચાર કરીશું !!! લાંચ એ ઈસેન્સ ઓફ ઈન્ડિયા કહેવાય છે !!લાંચમાં મ્યુચુઅલ ફંડની માફક રીસ્ક કેટલું બધું છે?? કોઈ અધિકારી-કર્મચારી એક જગ્યાએ વરસો સુધી જળોની જેમ ચોંટી રહીને પ્રજાને લૂંટે નહીં અમુક તમુક વરસે બદલી કરવામાં આવે છે. વાઘ એક વાર લોહી ચાખી જાય પછી ખુંખાર થઈ જાય છે તેમ ભાવનગરમાં નોકરી કરતા માણસની ભરૂચ બદલી કરવાથી એ આબે ઝમઝમ કે ગંગાજળ જેટલો પવિત્ર થઈ જાય ખરો ??? કૂતરાંની પૂંછડી ઊંડે સુધી દાટો તો પણ વાંકી રહે એવું કહેવાય છે!! આવું જ બાબુલોગનું છે!!એક પ્રચલિત વાર્તા મુજબ કોઈ રાજાએ ભ્રષ્ટાચારી કર્મચારી પાસેથી વર્તમાન કામગીરી લઈને દરિયાના મોજા ગણવા જેની બિનલાંચાત્મક કોમગીરી આપી. એ છાપેલ કાટલાએ ત્યાં પણ કલા અને કરતબ દેખાડી લાંચ લેવાનું ચાલું કર્યું. રાજાએ પણ નાકામીમાં માથાના વાળ ખેંચ્યા હશે!!!

સાવ સામાન્ય ગણાય તેવા કામમાં લાંચપ્રાપ્તિની અપાર સંભાવના સુષુપ્ત રહેલી હોય છે. સરકારના હુકમોની નકલો તદન મફતમાં આપવાની હોય. પબ્લિક ડોમેનમાંથી ડાઉનલોડ તરી પ્રિન્ટ મેળવી શકાય. જુના જમાનામાં આવા હુકમો ચોક્કસ દિવસે ચોક્કસ સમયે જ આપવામાં આવતા હતા. આ સિવાય ઓડ સમયે ગમે તે આવે એને ના પાડવામાં આવતી હતી. હુકમોની નકલ મેળવ્યા પછી અરજદાર પૂછે, મારે કાંઈ આપવાનું છે? પેલા બાબુને લાંચ મેળવવા માટેનો નવો સ્ત્રોત મળે.!

સાચને આંચ નહી. જાંચને આંચ નહીં. આવું આપણા મગજમાં નાનપણથી ઠસાવવામાં આવે છે. આપણે મોટા થઈએ પછી ખબર પડે છે કે સાચનો રજાઈ કે ગોદડાની માફક વીંટો વાળી દેવામાં આવે છે. રાજા હરિશ્ચંદ્રને સત્યનિષ્ઠા માટે કેટકેટલી યાતના વેઠવી પડેલી.સોક્રેટિસે વિષપાન કરવુ પડેલું.હિન્દી ફિલ્મોમાં કલાઈમેકસમાં સત્યને જીતતું દેખાડે છે. રીલ લાઈફમાં ઠીક છે. રિયલ લાઈફમાં આવુ? પણ જોવા મળતું નથી!!

નોકરીમાં દાખલ થઈએ તો તાલીમમાં કાયદા-નિયમો શિખવાડવામાં આવે છે. લાંચ માટેનો કાયદો કોઈ લાંચિયો અધિકારી જ શીખવાડે છે. અનુભવી વધુ સારું ગાઈડન્સ આપી શકે.

પતિતપાવની ભાગીરથી ભારતના ગામ-શહેરમાં ન વહે પણ ભ્રષ્ટાચાર ભાગીરથી અત્ર, તત્ર, સર્વત્ર વહે છે. એક જમાનામાં ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર કહેવાતુ હતું. એક નેતાએ ભ્રષ્ટાચારને ઈન્ટરનેશનલ ફિનોમિના કહીને ભ્રષ્ટાચારથી પલ્લો ઝાડી નાંખ્યો હતો!!એક જમાનામાં કોઈ ભ્રષ્ટાચાર કરે તો લોકો તેના પર થૂ થૂ કરતા હતા, તિરસ્કાર કરતા હતા. માનો કે સિંહ ઘરડો થાય પણ ઘાસ સોરી રૂપિયા-લાંચ ન ખાય!

ભ્રષ્ટાચાર શા માટે થાય છે અને કેમ ફૂલે ફાએક અર્જીત અરજી લે છે? એ સવાલનો જવાબ ઘાસની ગંજીમાં સોંય શોધવા જેટલું સરળતમ છે. બોસ કદીક ટ્રાય કરજો!!મહેસૂલ પંચાયત, પુરવઠા , બાંધકામ વગેરે ખાતામાં "એક હાથે દે, એક હાથે લે" નું સ્વર્ણિમ સૂત્ર અમલી છે. વેચાણવેરામાં પૂછવામાં આવે કે ચોપડા બતાવવા છે કે પતાવટ કરવી છે? કેટલાક લોકો સમયથી આગળ અને લાંચની એસઓઆરથી આગળ હોય છે. વધુ લાલચ , વધુ તકલીફ. ઊંચી રકમની માંગણી કરે , સામેના માણસને તે આપવા ન હોય એટલે એસીબીનું છટકું ગોઠવાય. નાની માછલી ફસાય, મગરમચ્છ બિન્દાસ્ત ફરે. આમાં છીંડે ચડે તે લાંચિયો. જે પકડાયેલા એ હિમશીલાના ૧/૯ ભાગ સમાન હોય છે. હિમશીલાનો ૮/૯ ભાગ સમુદ્રમાં અંદર હોય છે તેમ ન પકડાયેલાની સંખ્યા અગણિત હોય છે.

મેડીકલ પ્રોફેશનમાં સરકારી નોકરી કરનાર ડોકટર ખાનગી પ્રેકટિસ( ખાનગી એટલે ખાનગી મેડીકલ પ્રેકટિસ. બીજો ભળતો અર્થ કરવાની સખ્ખત મનાઈ છે!!)કરવા ન પ્રેરાય તે માટે તેમને નોન પ્રેકટિસ એલાઉન્સ આપવામાં આવે છે. જે મૂળ પગારનો ભાગ ગણાય છે તેના પર બીજા ભથ્થા પણ મળે છે.ડોકટરોને જેમ નોન પ્રેકટિસ એલાઉન્સ આપવામાં આવે છે તેમ દરેક બાબુને નોન બ્રાઈબ એલાઉન્સ-એનબીએ આપવાની જરૂર છે. જેથી જેમની ભ્રષ્ટાચાર કરવાની વૃતિ છે. પણ હિંમત અને સાહસ નથી તેવા કર્મીઓના કશુંક મળ્યાની લાગણી થાય . આ રીતે ભ્રષ્ટાચારની માત્રા ન્યુનતમ કરી શકાય.

આપણા નકલી ગાંધી અન્ના હજારે લોકપાલ બનાવવા આકળો ખાધો હતો. જંતરમંતર પર અનશન પર ઉતરેલા. કિરણ બેદી, કેજરીવાલ, કુમાર વિશ્વાસ વગેરે ચાલતી ગાડીએ ચડી હીરો બની ગયેલા. વહેતી ગંગામાં હાથ ધોઈ નાંખ્યા. નકલીને અસલી સમજી લોકોએ આંદોલનને પ્રચંડ સમર્થન આપેલ. જેનાથી ગભરાઈને અડધી રાતે લોકપાલનો કાયદો પસાર કરેલ.ભારતમાં ગરમી વધારે પડે છે . લોકપાલની નિમણૂકને કોલ્ડ સ્ટોરેજમાં મુકી દીધેલો!!! લોકપાલના દાયરામાં પ્રધાનનંત્રી,,રાષ્ટ્રપતિ સહિતનાને સમાવી દીધેલા. અયોધ્યામાં ભગવાનનું ભવ્ય મંદિરનું નિર્માણ થવાથી ગરીબી, બેકારી,,ભૂખમરો, કુપોષણ, બેરોજગારી, અર્થતંત્રની કથળેલી હાલત વગેરે દુરસ્ત થનાર છે તેમ કેટલાક લોકો માને છે! એ જ રીતે લોકપાલની નિમણૂક કરવાથી દેશ નંદનવન બની જશે. ડાલ ડાલ પર સોનેકી ચિડિયા હશે, ઘી દૂધની નદી વહેશે સુખનો રાણીછાપ રૂપિયા જેવો સૂરજ ઊગશે. ભ્રષ્ટાચારાસૂરનો ઘડો લાડવો થઈ જશે તેવી આશામાં કેટલાક લોકો રાચે છે!!

લોકપાલને કાર્યરત કરાયા. પુત્રના લક્ષણ પારણામાંથી અને વહુના લક્ષણ બારણામાંથી એમ કહેવાય છે. પહેલો ઘા રાણાનો કહેવાય છે. વેલ બિગનીંગ ઈઝ હાફ ડન એમ અંગ્રેજી ભાષામાં કહેવામાં આવે છે!! લોકપાલની બાબતમાં આવું કશું બન્યું નથી!!!

લોકપાલ મોહરમના તાજિયા જેવો તાબુત છે.લોકપાલ ૨૦૧૯ માં બનેલ છે. ત્યારથી આજદિન સુધી દળી દળીને ઢાંકણીમાં ઉઘરાવ્યું છે. વડાપ્રધાન,મુખયમંત્રી, ધારાસભ્ય સંસદસભ્ય

આભાર - નિહારીકા રવિયા સામે કાર્યવાહી કરવા કોર્ટ જેવી સતા આપવામાં આવેલ છે. લોકપાલને ૮૭૦૦ થી વધુ અરજી મળેલ છે. ભ્રષ્ટાચારને સજા તો શું કરે? ભ્રષ્ટાચારીનો વાળ વાંકો કરી શકેલ નથી!! મજબુત લોકશાહી માટે નાનો અમથો ભોગ દેના બનતા હૈ, ભીડું !! કયા સમજે ચીકને ??? લોકપાલ તો સાલ્લા મેં તો સાબ બન ગયા ટાઈપ છે. જે સૂટબુટધારી અંગ્રેજ કલ્ચર મુજબ કામ કરે છે. અંગ્રેજ કે જમાને કે જેલર જેવા ઓમ્બુડઝમેન પુરવાર થયેલ છે.બંધારણે કામકાજ માટે અઢાર ભાષા માન્ય કરી છે. લોકપાલ અંગ્રેજી-વિલાયતી શરાબની જેમ અરજી અંગ્રેજી ભાષામાં કરી હોય તેને જ માન્ય રાખે છે!!! ૮૭૦૦

# ઊંચી એડી



ટપ, ટપ, ટપ સભામાં બેઠેલા સહુની નજર એ બાજુ ફરી જ્યાંથી અવાજ આવતો હતો. એક સુંદર યુવતી સભાગૃહમાં દાખલ થઈ. દેખાવડી હતી, ઉંચાઈ પણ ઓછી ન હતી. તેના સેંડલ્ની હીલ જોઈને સહુની આંખ મોટી થઈ ગઈ. છ ઈંચ કરતાં વધારે હશે પણ ઓછી નહી. તેની મસ્ત બેફિકર ચાલ અને મધુર મુસકાન આકર્ષણનું કેંદ્ર હતું.

કોઈ પણ વસ્તુથી યા ફુદડી ફરવાથી પણ ચક્કર આવતા નથી. સાચું કહું તો ચક્કર આવવા, માથું દુખવું કે તાવ આવવો આ બધું મારા શબ્દ કોષની બહારની વાત છે. આની 'ઊંચી એડી' જોઈને ચક્કર આવ્યા. મને થયું આ ચલતી હોય અને માર્ગમાં કાંઈ આડું આવેને પડે તો ઊભી કેવી રીતે થાય ?

ઉપરથી એના ટુંકા ઘુંટણ ઉપરના કપડા. આજે નવી હવા ચાલે છે, સેંડલની એડી ઉંચી અને પહેરેલાં કપડાની લંબાઈ ટુંકી. આપણે સહુએ એ નોટિસ કર્યું છે. ખેર, ન બોલવામાં નવ ગુણ છે. વાત હતી ઊંચી એડીની, ગાડી પાટા પરથી ઉતરી ગઈ.

ઘણાને ચંપલમાં જરા પણ એડી હોય તો ચાલતા ફાવતું નથી. એક જમાનો હતો, જે જે એન્ડ સન્સ વાળા અડધો ઈંચ ઊંચી એડીના ચંપલ અને સેંડલ બનાવતા. પછી આવી 'પ્લેટફોર્મ હિલ' . જે કોલેજ કાલમાં કાયમ પહેરતી હતી.

એની પાછળ પણ રામાયણ હતું. મારા મોટાઈ ( પિતાજી ) કહે હિલવાળા ચંપલ 'પારસી' લોકો પહેરે. આપણાથી ન પહેરાય. યુવાની પ્રવેશી હતી. કોલેજમાં જતી હતી. ધીરેથી મેં કહ્યું, ' મોટાઈ કયા ચંપલ કે સેંડલ પર લખ્યું છે કે મારાથી ન પહેરાય'.

બસ નવા ચંપલ અને સેંડલ એડી વાળા લાવીને ઝંપી. મોટાઈની લાડકી હતી એટલે કશું બોલ્યા નહી. પૈસા તો મોટાઈ એ જ આપ્યા હતા. આ તો થઈ બાળપણની વાત.

આજકાલ હિલવાળી સેન્ડલ મોટે ભાગે ઊંચી છોકરીઓ વધારે પહેરે છે. જાણે એમને આસમાનને અડકવાનો શોખ ન હોય ! હિલ પણ કેટલા પ્રકારની ! પેન્સિલ હિલ, પ્લેટફોર્મ હિલ, બેથી ત્રણ ઈંચની હિલ. આખી ચંપલ અથવા સેન્ડલ જ ઉંચું હોય.

મને હિલ વાળા ચંપલ કે સેન્ડલ ગમે છે અને પહેરું છું. કારણ ખૂબ વ્યાજબી છે. ભગવાન જયારે આપણામાં બધી શક્તિ અને કળા આપતો હતો ત્યારે કતારમાં ઉભી હતી. દરેકના હાથમાં 'પિતરિયુ' પકડાવવામાં આવ્યું હતું. બુદ્ધિ અને કળા આપી ત્યારે મને ખુશી થઈ હતી. પિતરિયું ભરાયું હતું. કિંતુ જ્યારે શરીરની ઊંચાઈ આપી ત્યારે પિતરિયામાં છેદ હતું. એ મારી ધ્યાન બહાર રહી ગયું. ઊંચાઈનું પ્રમાણ પિતરિયામાંથી પસાર થઈ ગયું . માંડ થોડું રહી ગયું. જેને કારણે હિલ પહેરવી ફરજિયાત થઈ ગયું છે.

હવે તો પુરુષોના બુટ પણ એડીવાળા મળતા થઈ ગયા છે. તેમને પણ પત્ની જોડે ઉંચા દેખાવાનો ચસકો લાગ્યો છે. ઊંચી એડીના ફાયદા ઘણા છે. જો તમે રસ્તામાં ચાલતા હો તો કોઈની તાકાત નથી તમને છેડે યા છંછેડે. તમારા સેન્ડલની ઊંચી એડી જોઈ તેની જિગર ન ચાલે.

પતિ સાથે ઊમ્ચી એડી પહેરીને નિકળ્યા હો તો તરત ગેરેજમાંથી ગાડી કાઢી દરવાજો ખોલે. જો ગાડી ન હોય તો ટેક્સી હાજર સમજો.

બીજું સાથે ચાલતા હો તો તરત તમારો મુલાયમ હાથ પકડીને ચાલે. તેને ભય લાગે કે જો કદાચ તમે પડી ગયા તો ? એના કરતાં હાથ પકદવો હિતાવહ અને ફાયદામંદ છે.

એક વાત યાદ રાખજો, જો તમે ક્યારે પણ ઊમ્ચી એડીના ચંપલ કે સેન્ડલ ન પહેર્યા હો અને પહેરવાનું મન થાય તો શરૂઆત ઘરમાંથી કરજો. ચાલવાની થોડી આદત પાડજો. બીજું જ્યારે રસ્તા પર ચાલો ત્યારે, 'નજર નીચી વિચાર ઊંચા' રાખજો. ભારતમાં ફૂટપાથ પાટા પીડી વાળી હોય છે. નીચે નહી જુઓ તો પડવાની ખાત્રી હું આપું છું. જેને કારણે પગ મોચવાઈ જાય તે નફામાં.

ઊંચી એડીના સેન્ડલ જે પહેરે છે તેમને ખૂબ સુંદર પણ લાગે છે. તમને પહેરવાનો શોખ થાય તો એ પૂરો કરવામાં કોઈ વાંધો નથી. જેવી આપની મરજી. નોકરી કરતી હતી ત્યારે પગ દુખતા છતાં પહેરતી હતી.

મને તો પતિની સાથે ખભો મિલાવીને ચાલવાનો આનંદ પ્રાપ્ત થાય છે.

**પ્રવિણા કડકીયા.હ્યુસ્ટન**

## અમદાવાદ જિલ્લા પંચાયતની સામાન્ય સભા દ્વારા

# ૧૫માં નાણાપંચની જિલ્લા કક્ષાની ગ્રાંટના કુલ ૧૭.૪૭-કરોડના આયોજનને બહાલી આપવામાં આવી

કેન્દ્રીય ૧૫માં નાણાપંચની ભલામણો અનુસાર ભારત સરકાર તરફથી રાજ્યોને વિકાસલક્ષી કામો માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે, જે ટાઈડ અને અનટાઈડ ગ્રાન્ટ સ્વરૂપે આપવામાં આવે છે. ટાઈડ ગ્રાન્ટમાંથી સફાઈ અને પીવાના પાણીના કામો થતા હોય છે. અનટાઈડ ગ્રાન્ટમાંથી માર્ગદર્શિકા અનુસાર અન્ય વિકાસના કામો થઈ શકે છે. અમદાવાદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોની જરૂરીયાતોને ધ્યાને લઈ ૧૫માં નાણાપંચની વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪ની ગ્રાન્ટના વપરાશ માટેનું આયોજન કરવામાં આવ્યું. આયોજનમાં કુલ રૂ. ૧૭.૪૭ કરોડ રકમના ૩૩૦ કામોનો સમાવેશ કરવામાં આવેલ છે, જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણી, ગટરલાઈન, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના સાધનો, શિક્ષણ ક્ષેત્રે જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ખૂટતી પાયાની સુવિધા અને વિવિધ શાળાઓમાં વિદ્યાર્થિનીઓ માટે સેનેટરી નેપકીન, વેંડીંગ મશીન તેમજ ડિસ્પોઝલ માટે ઈન્સીનેટર મશીન, બે ગામોને જોડતા રસ્તાઓ, ગ્રામ્ય વિસ્તારોમાં એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ અને સી.સી.ટી.વી કેમેરા વગેરે વિકાસના કામોનો સમાવેશ કરવામાં આવ્યો. અમદાવાદ જિલ્લામાં જિલ્લા પંચાયત દ્વારા વિકાસલક્ષી કામોનો છેવાડાના માનવી સુધી લાભ પહોંચે અને જિલ્લાનો સર્વાંગી વિકાસ થાય તેવા ઉમદા ઉદ્દેશ સાથે અમદાવાદ જિલ્લા પંચાયતની સામાન્ય સભા દ્વારા ૧૫માં નાણાપંચની જિલ્લા કક્ષાની(૧૦%) ગ્રાંટના કુલ ૧૭.૪૭- કરોડના આયોજનને બહાલી આપવામાં આવી.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SSN 0089
વિષય પરંપરા
શીર્ષક જરુરી
ગદ્ય
પ્રવિણા કડકિઆ

પરંપરાના નામે રુઢિ ચુસ્તતાને વળગી રહેવું એ ૨૧મી સદીમાં યોગ્ય નથી. પરિવર્તન એ સંસારનો નિયમ છે.

આગેસે ચલી આતી હૈ, એ માત્ર બહાનું છે. જો તેની પાછળ યોગ્ય કારણ ન જાણવા મળે તો જરુરી છે તેમાં બદલાવ લાવી શકાય.

આજે લોકો ચાંદ પર પહોંચી ગયા. પરંપરારાને નામે જૂના રીત રિવાજોને વળગી રહેવું એ નરી મૂર્ખતા છે.

યાદ છે આજથી ૬૦ વરસ પહેલાં ઘરમાં કોઈ વ્યક્તિનું અવસાન થાય તો સ્ત્રીઓ મોઢું વાળતી. ઘુંમટની આડમાં રડતી. આ બેહૂદી પરંપરા હતી.

‘‘અમારા કુટુંબની પરંપરા છે, નવી વહુ ઘુંમટ કાઢે, સુહાગરાત મનાવતાં પહેલાં પાવાગઢ દર્શન કરવા જવાનું।’’

શું આ બધી પરંપરા ૨૧મી સદીમાં યથાયોગ્ય છે?

અરે દીકરો ગોરી મેડમને પરણી આશીર્વાદ ફોન પર માંગે છે. માતા અને પિતા ફેસ ટાઈમ પર નવપરણિતને હાથ ઉંચા કરી શુભેચ્છા તેમજ આશિષ વચન કહે છે.

જમાના સાથે કદમ મિલાવવા હિતાવહ છે. પરંપરાને નામે તમારી ઈજ્જત ઉછાળશો નહી. ન ગમે તો મૌનં પરે ભુષણં.

આ નક્કર હકિકત છે. જેટલા જલદી જાગશો તેટલા સુખી. પરંપરાની માયાજાળ પોતાના પૂરતી ફેલાવવી.

જરુરી છે બદલાતા સમય સાથે વિચાર સરણી બદલવાની.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

: NOG SS NO 140
પ્રકાર: ગદ્ય
વિષય : પરંપરા
શીર્ષક : કલ આજ ઔર કલ
શબ્દો: ૩૪૭
લેખક : હેમા પિનાકીન ત્રિવેદી

પરાપૂર્વથી ચાલી આવતી પ્રથા એટલે પરંપરા.. પણ એક ઘરેડમાંથી સમયના વહેણ સાથે એમાં પરિવર્તન પણ જરૂરી છે..
સમાજ, ધર્મ , શિક્ષણ, વિજ્ઞાન, નીતિ બધું સમયના ચક્રની સાથે પરિવર્તન પામે છે..
ખુદ સમયને માપવાનાં સાધનો જ લ્યો..
રેતીનું સમય યંત્ર જેમાં ઘડી, પળ બધું રેતી સરે એ પ્રમાણે ગણતરી થતી... પછી ઘડીયાળ આવ્યાં તો રેતીનું ઉપકરણ ઍન્ટીક પીસ બની? ગયું..ડીજીટલ યુગ તો એથીયે આગળ છે.

બહુપત્નીત્વ કે બહુપતિત્વ એ એક યુગે સામાજિક વ્યવસ્થાના કારણોસર હતું.. દ્રૌપદીનું પાંચ પતિ સાથે લગ્ન કદાચ કુંતીની દીર્ઘદ્રષ્ટિ હતી જે પાંચેય પતિને એકસૂત્રે બાંધી રાખવા જરૂરી હતું. બહુપત્નીત્વ તો રાજા મહારાજાઓનો વિલાસ વૈભવ હતો. સામાન્ય માણસ પણ સંતાન ના થાય તો બીજી પત્ની કરી શકતો.
આજના યુગમાં એ ના ચાલે. દુષણ બનીને લગ્નજીવન અને સમાજને વેરવિખેર કરી નાંખે...કાયદો આવ્યો. (શારદા ઍક્ટ) હવે એક પત્નીની હયાતીમાં બીજું લગ્ન કરી ના શકે.

કેટલીક પરંપરાઓ વૈજ્ઞાનિક છે . આનુવંશિક ખામીઓથી બચવા આપણું શાસ્ત્ર એક નાડી , એક ગોત્રમાં લગ્નની કરવાની ના કહેછે..જગ્યાના અભાવે ચર્ચા શક્ય નથી.

આપણા પુરાણોમાં ક્યાંય સતી થવાની પ્રથા નહોતી..પણ વિધર્મીઓ દ્વારા શિયળભંગ થવાના ભયે જોહર -સતીપ્રથા આવી હશે. સમાજ સુધારક રાજા રામમોહન રાયે ભારોભાર વિરોધ સહન કરી બંધ કરાવી..

જમણવારમાં પાટલા પર બેસી પતરાળીમાં જમતાં એની જગ્યાએ બુફે ડીનર આવી ગયાં.. જરૂર જેટલું લો..એ? હેતૂ કદાચ પતરાળીમાં જળવાતો. બુફેમાં ગમે એટલું લો ફાવે કે ભાવે એટલું ખાઓ બાકી ફેંકી દો..
પતરાળીમાં એક થાળી ભોજન હતું.. બુફેમાં અનેક ટેબલ અનેક ખાણીપીણી..આપણા પ્રધાનમંત્રી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા .બહુ વખત અપીલ કરેલી એક થાળી ભોજનની....જો આજે આ પરંપરાગત જમણવાર પ્રથા અપનાવીએ તો અન્નનો વેડફાટ બચાવી શકાય.

જુના જમાનાની પરંપરામાં ઋતુકાળમાં સ્ત્રીઓને અસ્પૃશ્યતાનું પાલન કરવું પડતું.. હવે પરિસ્થિતિ બદલાઈ છે.કારણ બહુ સ્પષ્ટ છે.એ જમાનામાં દળણાં, ખાંડણા અને કુવાનાં પાણી ખેંચવાનાં હતાં.. અત્યારે એવું નથી.. સ્ત્રીઓમાં પણ હેલ્થ અવેરનેસ આવી છે.

પરિવર્તન સાથે સાધન સગવડો વધ્યાં પણ પ્રદુષણ આવ્યું. એ ખતરનાક છે..
છાણીયાં ખાતરોથી ઓર્ગેનિક ખેતી પદ્ધતિ અપનાવવી,
જળસંચય કરી જળ બચાવવું, આપણાં પૂર્વજો મઘા નક્ષત્રમાં પાણીનો સંચય કરી લેતા. ખંભાતમાં મેં વર્ષો પહેલાં વરસાદના પાણીનો સંગ્રહ કરતાં ટાંકાં જોયાં છે. એ બધી આપણી પરંપરાગત પ્રથાઓ તરફ જાગૃતિ કેળવીએ.

મિત્રો જેટલું લખું એટલું ઓછું છે..
પરંપરાનું આપણી જીવનશૈલીમાં હાર્દ સ્વીકારી પરિવર્તન આવકાર્ય છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ૐર જીજી ૐ - ૦૦૫૦
વિષય - પરંપરા
શીષૅક - વારસો સંભાળીએ.
પ્રકાર - ગદ્ય
શબ્દો - ૩
લેખક - રાગીની શુક્લ "રાગ"
......................................

બ્રહ્માજીની લેખન લિપિ પ્રગટ કરી નહોત તો લોકો સુધીનાં પહોંચી હોત. આપણી કલા અભિલેખ. શાબ્દિક અર્થ ની શરૂઆત અર્થ લખતાં "મા સરસ્વતીએ" પ્રોત્સાહિત કરેલાં બ્રહ્માજીને. એક વાંસની લેખણી ને કલમ આપેલાં બ્રહ્માજીને .
"ફિલાડેલ્ફિયાના આર્ટ
મ્યુઝિયમમાં" લેખન શૈલી ઈજીપ્તની પ્રાચીન, ચાઈનીઝ પણ.ભારતની સંસ્કૃતિ ૧૦,૦૦૦વર્ષે જૂની. શ્રી કૃષ્ણ સમયમાં ઉપનિષદ,સંહિતાઓ, વેદોનાં અમૂલ્ય વારસો ખોવાઈ ગયેલો.
જુદી જુદી રીતે લખતાં લેખન થતું.
તાડપત્ર - તાડને નાળિયેરી, ખજુરી કે સોપારીનાં વૃક્ષ જેવું
પ્રાચીન કાળમાં તાડપત્રોની મુખ્ય લેખન સામગ્રીમાં સુકાવેલા પાંદડાઓનો થતો. છઠ્ઠી શતાબ્દીમાં "ફરુક ફલક"
માં સ્પષ્ટ કહ્યું છે .હ્યુએનસીગ એ પણ કહેલું ભારતના ગ્રંથો તાડપત્રો પર કોલસાને ઘસવામાં આવે પછી સુકાવામાં આવે તેનાં છેડા પર બે કાણાં પાડી દોરી પરવવામાં આવે પાનાં છુટાં ન પડી જાય માટે. પોથીકા બનાવે "સ્કંધ પુરાણ " ,પરમેશ્વર તંત્ર ,લંકાવતાર પોથીકા નેપાળમાં થી મળી આવેલી. ભુજ પત્રો- પત્રો ભૂર્ગે નામના વૃક્ષની છાલ લેખન સામગ્રીના રૂપમાં વપરાતાં તેને પણ બાંધીને પોથીકા બનાવી. મુગલકાળમાં અરબીને ફારસી લિપિમાં લખાયેલું. તે ખરાબ ના થાય માટે તેનાં પર ચામડાનું કવર ચડાવવામાં આવતું. ૧૫ મી સદીમાં આસામી, મૈથલી અને બંગાળી ભાષામાં રામાયણના સુંદરકાંડની પોથિકાઓ મળી આવી છે.
કમલ પત્રોની પોથીતા ન બનતી છુટ્ટા પાન પર સંદેશો મોકલવા મા સરસ્વતી પોતાનાં પિતા બ્રહ્માજીને પ્રોત્સાહિત કરેલા, વ્રજ સાહિત્યમાં ભગવાન શ્રીકૃષ્ણ પણ રાધાજીને સંદેશો પહોંચાડેલો હતો. મધ્ય યુગમાં ગણિકાઓ ઉપયોગ કરતા ધનિકોને સંદેશો.
તાંબુલ પત્રોની શરૂઆત વિક્રમ આદિત્ય શરૂ કરેલો ગુપ્ત સંદેશો મોકલાવતા, ખાધેલી પાનની પિક વડે વિરહનો સંદેશો શ્રીનાથજી બાવા સુધી મોકલેલો હતો. તાંબુલ પત્રોની શરૂઆત વિક્રમાદિત્યએ શરૂ કરેલો ગુપ્ત સંદેશો મોકલતા, શ્રી વિઠ્ઠલનાથજીએ ખાધેલી પાનની પિક વડે વિરહનો સંદેશો શ્રીનાથજી બાવા સુધી મોકલેલો. ઐતિહાસિક વસ્તુઓનું મૂલ્ય જાળવી નથી શક્યા આ પરંપરા માટે સમય જતાં ઘણો બદલાવ આવ્યો. પ્રાચીન કાળનો ઈતિહાસ લેખન ભારતના પૂર્વજોના પરાક્રમ, દેવપરંપરા, સામાજિક સ્થિતિ ,સ્મૃતિઓ મૌખિક પરંપરાથી સચવાતી હડપ્પા સંસ્કૃતિમાં પ્રાચીન લેખોના આધારે લેખનકળા ત્રીજા સહસ્ત્રકથી અસ્તિત્વમાં આવી. હજી પણ એ લિપિ વાંચવામાં સફળ નથી. મોટાભાગે શિલાલેખ સ્વરૂપે સર્જન થતું હતું. મૌર્ય સમ્રાટ અશોકના સમયથી ઈ.સ. પૂર્વે ત્રીજા શતકથી મોટા ગોળ પથ્થરોને એનાં સ્તંભ પર લખાણ ફોતરાતું હતું.
એ પહેલાં ધાતુ સિક્કા, મૂર્તિ શિલ્પો, તામ્રપત્ર પરશિલાલેખો
મળ્યા છે. ઐતિહાસિક માહિતી. શિલાલેખોને લીધે રાજાઓનાં કાળ, વંશાવલી, શાસન વ્યવસ્થા મહત્વની માહિતી મળી જતી.
૨૦ મી સતકમાં અંગ્રેજોએ રાજ્ય વહીવટ પુરાતત્વના લેખ મુખ્યત્વે બૌદ્ધ ધર્મનો, સંસ્કૃતિનો ઈતિહાસને પછી મરાઠા સામ્રાજ્યનું મહત્વ. ૧૯ મી સદીમાં અંગ્રેજ શિક્ષણ પદ્ધતિને ભારતનાં પ્રાચીન વૈભવનું ગૌરવ. આત્મા ચેતનાને જાગૃત કરી ભારતનાં ઈતિહાસને
આભાર - નિહારીકા રવિયા સુવર્ણકાળ શોધવાં પ્રયત્ન કરેલો. ઈતિહાસ એટલે ભૂતકાલિનના સમાજનું સર્વાંગીણ જીવન દર્શન એ આપણી પરંપરાને ધરોહરને સંભાળીને રાખીએ.

રાગીની શુક્લ "રાગ"
મુંબઈ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS/0044
વિષય:- પરંપરા
પ્રકાર :- ગદ્ય
શીર્ષક :- નવી કેડી કંડારીએ
શબ્દો:- ૩૪૮.

દેશની ,સમાજની કે ઘરની દરેકની પરંપરા અલગ હોય છે, જેને સાચવવા ,જતન કરવા પ્રયત્ન થતાં હોય છે. દેશને ચલાવનાર સરકાર ,પ્રજાના કર પેટે ઉઘરાવેલા પૈસા સાચવીને વાપરતી. સ્વ માટે પૈસા ફાવે તેમ વાપરતા નહીં . આજે એ પરંપરા તૂટી .પરંપરામાં પરિવર્તન આવશ્યક છે, જો એનાથી કંઈક સારું થતું હોય તો! પરંતુ આવું પ્રજાના પૈસે તાગડધિન્ના જેવું પરિવર્તન ધિક્કારને પાત્ર.
સમાજમાં, ઘરમાં પરંપરા તૂટતી ચાલી.પહેલાંનાં જમાનામાં ગૃહિણી સવારમાં આંગણું સાફ કરી આંગણામાં અને ઉંબર પર સાંથિયા પાડતી આજે તો ફ્લેટમાં
આંગણું નથી પરંતુ ઘરમાં ઉંબર પરનાં સાંથિયા પણ ગાયબ.
અમારી અનાવિલ જ્ઞાતિમાં લગભગ ૧૦૦ વર્ષ પહેલાં એવી પરંપરા હતી કે પતિ ગુજરી જાય એટલે પત્નીને માથે મુંડન થતું. આજીવન મુંડન કરાવવાનું અને લાલ સાડલો જ પહેરવાનો , શુભ કાર્યમાં હાજરી નહીં ,જમણવારમાં પણ જવાનું નહીં એમાં ધીમે ધીમે પરિવર્તન આવતુ ગયું. મુંડન અને લાલ સાડલાની વિદાય થઈ પતિ ગુજરાતી ગયા પછી પત્નીને નોકરી કરવાની છૂટ મળી. લગ્ન જેવા પ્રસંગે હાજરી આપતી થઈ પરંતુ વિધિ થતી હોય ત્યાંથી તો આજની તારીખમાં પણ દૂર જ રહેવાનું.ઉંબર ઓળંગવાની છૂટ મળી.
પરંપરામાં યોગ્ય અને જરૂરી તેમજ અંધશ્રદ્ધા દૂર કરનારું પરિવર્તન આવશ્યક છે. હું મારો જ દાખલો આપું . મારાં પતિનું અવસાન થયું ત્યારે મેં મારા બાળકો સાથે ખાંધ મારી અગ્નિસંસ્કાર કરેલાં ચૂડીકર્મ એટલે કે મંગળસૂત્ર બંગડી ઉતારવાનો , ચાંદલો ભૂસવાનો રિવાજ જેને મેં તિલાંજલિ આપેલી. આજની તારીખે પણ હું મંગળસૂત્ર ,ચાંદલો ,બંગડી બધું જ કરું છું. મારી દીકરીનાં લગ્ન પ્રસંગે માણેક સ્તંભ રોપવો ,ગોત્રજ ઘડો ભરવો ,જમાઈને પોંખવાનો, કન્યાદાન કરવાની તમામ વિધિ મેં જ કરેલી. વહુનાં સીમંતની વિધિ પણ મેં જ કરેલી. પરંપરા તૂટી એટલે સમાજમાં ગણગણાટ તો થયેલો જ પરંતુ હવે તો ઘણી જગ્યાએ મારું ઉદાહરણ અપાય.સંતાનો પોતાની માતાને કહે કે વિભૂતિ માસીની જેમ રહેવાનું ,આનંદમાં રહેવાનું, રડીને જિંદગી નહીં જીવવાની. સાચી જ વાતને આપણને રડતાં જોઈને આપણાં બાળકો ક્યાંથી ખુશ રહી શકે!જે દુઃખ છે તે છે એ સ્વીકારીને એને ભીતરે ભંડારી બાળકો સાથે હસી ખુશી રહીએ તો બાળકો પણ ખુશ. આવું પરિવર્તન ,પરંપરામાં હંમેશા આવકાર્ય અને સ્વીકાર્ય છે.થોડો વિરોધ થાય પરંતુ અંતે સાવ સારું કેટલીક વખત પરંપરામાં નવી કેડી કંડારવી પડે તે આવકાર્ય પરંતુ પરંપરાનું જતન એ જ તો આપણી સંસ્કૃતિનો વારસો છે.
શ્ર વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

NOG. SS.NO.0098
વિષય:- પરંપરા
શીર્ષક:- છુપાયેલા રહસ્યો
નામ :- લીના શર્મા..

પરંપરા એટલે વર્ષો જૂની આપણા વડીલો દ્વારા બનાવેલી રીતિ રિવાજો કે પ્રથાઓ, જેણી આપણે પીળી અનુસરણ કરીને આગળ ને આગળ વધાવતા જઈએ છે.
મિત્રો જન્મથી લઈને મૃત્યુ સુધી આપણી ભારતીય પરંપરા એટલી બધી છે કે આપણે આંખ બુંદીને એનું અનુસરણ કરતા હોઈએ છીએ અને કરીએ પણ કેમ નહીં એવી ઘણી બધી પ્રથાઓ છે જે વૈજ્ઞાનિક રહસ્યોથી ગૂંથાયેલી છે હા એ વાત જુદી છે કે વર્તમાન સમયમાં લોકો પોતાના તાર વિચારો કે સુવિધા અનુસાર એનું વિરોધ કે અનુસરણ કરતા થઈ ગયા છે.
જેમકે સવારે ઊઠીને સ્ત્રીઓ પોતાના ઘરમાં ઝાડુ મારે એનું કારણ સ્વચ્છતા હોય છે અને જ્યાં સ્વચ્છતા હોય ત્યાં લક્ષ્મીનો વાસ હોય એવું વિચારતા હતા
જન્મથી લઈને મૃત્યુ સુધી આપણી ભારતીય પરંપરાઓ એટલી બધી છે કે જે તાર્કિક છે.
બાળકનું જન્મ થાય ત્યારે ઘરમાં સૂતક લાગી જાય છે જેને શુદ્ધિકરણ પૂજા પાઠ દ્વારા થાય છે
બાળકના મુંડન કરાવવાનું એ પણ પ્રાચીન પરંપરા છે
ઉપનયન સંસ્કાર ના થાય ત્યાં સુધી કિશોરનું લગ્ન ના લેવાય એ પણ એક પરંપરા... અને લગ્ન થઈ ગયા પછી કુળદેવી દેવતાના દર્શને લઈ જવાનું એ પણ આપણી ભારતીય પરંપરા છે.
છોકરીની લગ્ન વખતે માતા-પિતા ઉપવાસ રાખીને એમનું કન્યાદાન કરતા હોય છે એ પણ આપણી ભારતીય પરંપરા છે.
વર્ષો પહેલા ઘરમાં ગાય પાલન ફરજિયાત હતું મિત્રો આજે પણ અમારા કુળમાં આ પરંપરા જીવંત છે.
મંદિર પરિસરમાં પ્રવેશતા માથું ઢાંકવું અને પૂજાપાઠ કરવી , માથે ચાંદલો કરવું અને પુરુષો શિખા રાખતા હતાએ પણ ભારતીય આપણી પરંપરા છે.
ઘરમાં કોઈને અવસાન થઈ ગયું હોય તો ઘરમાં સૂતક લાગી જાય છે ને જુદી જુદી નાતમાં જુદી જુદી રીતી રિવાજ હતી એનું શુદ્ધિકરણ કરવા આવે છે.
મિત્રો કહેવાનું માત્ર ને માત્ર એટલું જ છે કે પહેલાના વર્ષો જૂની પરંપરાઓનું આપણે અનુસરણ કરીએ છીએ તો એની પાછળ વૈજ્ઞાનિક ગુઢ તથ્યો છુપાયેલા છે . અને જે (પરંપરાઓ)આપણને ઘર ,પરિવાર, કુટુંબ ,સમાજ અને રાષ્ટ્ર થી મજબૂતાઈથી જોડીને રાખવાની કડીઓ છે.
??
લીના શર્મા..
હાલોલ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*NOG SS No :136
★શીર્ષક★:★જળવાય તો સારુ★
★નામ★:★હિમાંશી પંડિત નિર્મોહી★

પરંપરા જળવાય તો સારું છે,
ઘરમાં પ્રીતથી રહે તો સારું છે.

વહુ સાસુ સસરાની સેવા કરે તો સારું છે ,
વૃદ્ધાશ્રમો બંધ થાય તો સારું છે.

મિલકતનો હિસ્સો જતો કરે તો સારું છે,
મા બાપના આશીર્વાદનો હિસ્સો માગે તો સારું છે.

પરંપરા આવી જળવાય તો સારું છે,
ખોટી પંરપરા નાબૂદ થાય તો સારું છે.

દીકરાઓ થોડું સમજે તો સારું છે,
દીકરીઓ સાસુ સસરાને માન આપે તો સારું છે.

હિમાંશી પંડિત નિર્મોહી

# સોના-ચાંદીના વાયદાઓમાં નવા સપ્તાહનાં કામકાજના પ્રારંભે ભાવમાં તેજીઃ સોનામાં રૂ.૩૦૫ અને ચાંદીમાં રૂ.૧,૧૫૬નો ઉછાળો

કોટન-ખાંડી વાયદામાં રૂ.૬૨૦નો કડાકો: ક્રૂડ તેલ, નેચરલ ગેસ, મેન્થા તેલમાં સુધારાનો સંચાર: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮,૮૦૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૮૩૩૧ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૬૯ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૪૬,૮૧૪ સોદાઓમાં કુલ રૂ.૨૭,૨૦૭.૬૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮,૮૦૭.૨૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૮૩૩૧.૬૪ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯૩,૯૦૮ સોદાઓમાં રૂ.૫,૯૯૯.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૪૨૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૬૭૦ અને નીચામાં રૂ.૫૮,૩૫૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦૫ વધી રૂ.૫૮,૬૧૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૧૮ ઘટી રૂ.૪૭,૧૬૬ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૨ વધી રૂ.૫,૮૦૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૩ વધી રૂ.૫૮,૪૬૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૬૮,૫૯૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૩૨૦ અને નીચામાં રૂ.૬૮,૫૯૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧,૧૫૬ વધી રૂ.૬૯,૨૩૯ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૯૬૧ વધી રૂ.૬૯,૦૩૫ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૦૦૮ વધી રૂ.૬૯,૦૭૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૪,૬૩૫ સોદાઓમાં રૂ.૧,૫૫૬.૩૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૬૮૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૭૫૦ અને નીચામાં રૂ.૫,૬૫૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૮ વધી રૂ.૫,૭૧૩ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૩૮ વધી રૂ.૫,૭૧૬ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨૬ના ભાવે ખૂલી, રૂ.૭.૪૦ વધી રૂ.૨૨૪.૮૦ અને નેચરલ ગેસ-મિની જૂન વાયદો ૭.૪ વધી ૨૨૪.૫ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૩૬.૦૧ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૪,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૪,૯૮૦ અને નીચામાં રૂ.૫૪,૬૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૨૦ ઘટી રૂ.૫૪,૭૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૬૦ વધી રૂ.૮૯૩.૨૦ બોલાયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૩,૫૮૨ સોદાઓમાં રૂ.૧,૨૧૫.૧૭ કરોડના વેપાર થયા હતા. તાંબુ જૂન વાયદો રૂ.૭૧૮.૫૦ના ભાવે ખૂલી, રૂ.૦.૫૦ વધી રૂ.૭૧૫.૧૦ જ્યારે એલ્યુમિનિયમ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૦ ઘટી રૂ.૧૯૫.૧૫ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨.૩૦ ઘટી રૂ.૨૧૧ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૧૫ ઘટી રૂ.૧૯૫.૧૫ સીસુ-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ ઘટી રૂ.૧૮૧.૮૦ જસત-મિની જૂન વાયદો રૂ.૨.૧૦ ઘટી રૂ.૨૧૦.૬૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૦૪૭.૧૦ કરોડનાં ૩,૪૯૭.૬૪૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૯૫૨.૬૧ કરોડનાં ૫૬૭.૬૬૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૭૫૫.૫૨ કરોડનાં ૧,૩૨૩,૭૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૮૦૦.૮૧ કરોડનાં ૩૪,૨૨૯,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૯૪.૭૪ કરોડનાં ૯,૮૭૩ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૬૧.૮૩ કરોડનાં ૩,૩૯૩ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૪૯૮.૧૧ કરોડનાં ૬,૯૩૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૬૦.૪૯ કરોડનાં ૨૧,૬૬૬ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨૯.૬૯ કરોડનાં ૫,૩૨૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૬.૩૨ કરોડનાં ૬૯.૮૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૫૧૨.૩૮૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૫૦.૮૭૦ ટન, તાંબાના વાયદાઓમાં ૧૫,૩૧૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૪,૩૩૨ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૯૨૫ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૫,૧૪૫ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૮૯૪,૭૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૨૮,૨૩૩,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૨૨,૭૫૨ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૪૮.૪૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૬૮.૮૧ કરોડનાં ૮૭૬ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૯૪૮ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જૂન વાયદો ૧૫,૬૬૪ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૭૩૦ અને નીચામાં ૧૫,૬૪૦ બોલાઈ, ૯૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૧૫ પોઈન્ટ વધી ૧૫,૭૦૬ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૮૩૩૧.૬૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૮૦૧.૯૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૬૬૫.૮૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૨૬૭.૮૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫૯૪.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૪૩૫.૮૭ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૧૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૪૯.૭૦ અને નીચામાં રૂ.૨૦૭.૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૨.૬૦ વધી રૂ.૨૩૬.૯૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૨૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૭૫ અને નીચામાં રૂ.૧૦.૪૦ રહી, અંતે રૂ.૨.૬૫ વધી રૂ.૧૦.૭૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૫૦ અને નીચામાં રૂ.૪૨૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧૯ વધી રૂ.૫૩૮.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૫ અને નીચામાં રૂ.૧૨.૫૦ રહી, અંતે રૂ.૫ વધી રૂ.૨૭.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૫ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૪૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન
આભાર - નિહારીકા રવિયા કોન્ટ્રેક્ટ રૂ.૧,૯૧૧ના ભાવે ખૂલી, રૂ.૪૨૩ વધી રૂ.૨,૧૬૨ થયો હતો. તાંબુ જુલાઈ રૂ.૭૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૪૦ વધી રૂ.૧૭.૪૮ જસત જુલાઈ રૂ.૨૧૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨.૧૫ વધી રૂ.૬.૮૧ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૩૩.૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૫૦ અને નીચામાં રૂ.૧૯૭.૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮.૪૦ ઘટી રૂ.૨૨૫.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૪.૧૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૬.૪૦ અને નીચામાં રૂ.૧૩.૬૫ રહી, અંતે રૂ.૨.૪૦ ઘટી રૂ.૧૫.૭૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૩૪ અને નીચામાં રૂ.૧૮૭ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯ ઘટી રૂ.૨૨૯ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧ ખૂલી, ઊપરમાં રૂ.૯૧ અને નીચામાં રૂ.૧૦ રહી, અંતે રૂ.૬૩.૫૦ ઘટી રૂ.૨૭.૫૦ થયો હતો. ચાંદી જૂન રૂ.૬૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૨૫ના ભાવે ખૂલી, રૂ.૩૫૨.૫૦ ઘટી રૂ.૧૯ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૯૪૨ના ભાવે ખૂલી, રૂ.૫૮૩ ઘટી રૂ.૧,૮૭૧ થયો હતો. તાંબુ જુલાઈ રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૧૨ વધી રૂ.૪.૫૦ થયો હતો.

# ગુજરાતમાં ૨૪ કલાકમાં ૧૨૫ તાલુકામાં થઈ મેઘમહેર, સૌથી વધુ વલસાડના ઉમરગામ તાલુકામાં ૫ ઈંચથી વધુ વરસાદ

ગાંધીનગર,તા.૨૬
ચોમાસાનો પ્રારંભ થવાની સાથે જ ગુજરાતમાં ૨૪ કલાકમાં ૧૨૫ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાંથી ૨૫ તાલુકામાં એક ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વલસાડના ઉમરગામ તાલુકામાં ૫.૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. ભાવનગરના ઘોઘામાં ૩ ઈંચ વરસાદ ખાબક્યો છે. પાટણ અને વેરાવળમાં પોણા બે ઈંચ વરસાદ નોંધાયો છે. તો ભરૂચમાં ૨ ઈંચ, સાયલામાં ૨ ઈંચ, ધોરાજીમાં ૨ ઈંચ વરસાદ ખાબક્યો છે.

અમરેલીમાં ૨ ઈંચ, બરવાળામાં ૨ ઈંચ, વેરાવળમાં ૨ ઈંચ વરસાદ ખાબક્યો છે. ભાવનગરમાં ૧.૫ ઈંચ, માંગરોળમાં ૧.૫ ઈંચ, વાપીમાં ૧.૫ ઈંચ વરસાદ વરસ્યો છે. સૂત્રાપાડામાં ૧.૫ ઈંચ, કોડીનારમાં ૧.૫ ઈંચ, અંકલેશ્વરમાં ૧.૫ ઈંચ વરસાદ ખાબક્યો છે.

અત્યાર સુધીમાં ગુજરાતમાં વરસેલા વરસાદની વાત કરીએ તો કચ્છ જિલ્લામાં ૬૩.૬૨ ટકા વરસાદ નોંધાયો છે. બનાસકાંઠા જિલ્લામાં ૩૬.૨૭ ટકા વરસાદ વરસ્યો છે. તો સૌરાષ્ટ્રમાં ૧૮.૪૮ ટકા વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતમાં ૨.૧૬ ટકા વરસાદ પડયો છે. વાવણીલાયક વરસાદથી ગુજરાતના ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.

ચોમાસાનું આગમન થવાની સાથે જ આગામી પાંચ દિવસ સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને કચ્છમાં ભારે વરસાદની આગાહી છે. ગુજરાતમાં કેટલાક વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદ રહેશે. તો ૨૬ જૂને સુરત, ભરૂચ, ગીર સોમનાથમાં ભારે વરસાદ પડશે. ૨૭ જૂને વડોદરામાં ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં ભારે વરસાદ થવાની આગાહી છે. તો ૨૮ જૂને સુરતમાં ભારેથી અતિભારે વરસાદ પડશે.

૨૬ જૂને સુરત, ભરૂચ, ગીર સોમનાથમાં ભારે વરસાદ પડી શકે છે. ૨૭ જૂને વડોદરામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. આ સિવાય ભારે વરસાદ ૨૭ તારીખે છોટાઉદેપુર, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી સાથે દમણ અને દાદરાનગર હવેલીમાં પડશે. સૌરાષ્ટ્રમાં ભાવનગરમાં પણ વરસાદ થશે. તો ૨૮ જૂને સુરતમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

# પ્રેરક વક્તા અને યુવા શાંતિ દૂત સાજન શાહ દ્વારા દિવ્યપથ શાળામાં પેન્સિલ વૃક્ષારોપણનું આયોજન



દિવ્યપથ શાળાએ એક પ્રેરણાદાયી પહેલની સાક્ષી બની, કારણ કે સાજન શાહ, એક પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ વિદ્યાર્થી, પ્રેરક વક્તા અને યુવા શાંતિ એમ્બેસેડર, શનિવારે એક નોંધપાત્ર પેન્સિલ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.સાજન શાહ, એક પ્રેરક વક્તા અને યુવા શાંતિ દૂત, તેમના કાર્ય દ્વારા નોંધપાત્ર પ્રભાવ પાડી રહ્યા છે અને તાજેતરમાં શિકાગોમાં યોજાયેલી વિશ્વ ધર્મ સંસદમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે.આ પહેલનો હેતુ શીખવાના સત્રની શરૂઆત કરવાનો અને વિદ્યાર્થીઓમાં બિન-વ્યાવસાયિક સામાજિક અભિયાનને પ્રોત્સાહન આપવાનો હતો.

સાજન શાહ, એક પ્રેરક વક્તા તરીકેના તેમના અનુભવ અને સકારાત્મક પરિવર્તન લાવવાના તેમના જુસ્સા સાથે, શાળા એસેમ્બલી દરમિયાન ૩૦ મિનિટનો ટોક શો આપવાનું લક્ષ્ય રાખ્યું હતું.આ ટોક શો વ્યક્તિગત વિકાસ, સ્વ-પ્રેરણા અને પર્યાવરણીય સંરક્ષણના મહત્વના વિવિધ પાસાઓની આસપાસ ફરતો હતો. સાજન શાહે વિદ્યાર્થીઓના ભવિષ્યને ઘડવામાં શિક્ષણની ભૂમિકા પર ભાર મૂક્યો હતો અને તેમને તેમના પોતાના વિકાસ અને વિકાસમાં સક્રિય સહભાગી બનવા પ્રોત્સાહિત કર્યા હતા.પ્રશંસા અને પ્રોત્સાહનના સંકેત તરીકે, સાજન શાહે દિવ્યપથ શાળાના તમામ વિદ્યાર્થીઓને પ્લાન્ટેબલ પેન્સિલ ભેટ આપી. આ ખાસ પેન્સિલો ટકાઉ સામગ્રીમાંથી બનાવવામાં આવે છે અને તેમાં જડિત બીજ હોય છે જે ઉપયોગ કર્યા પછી વાવેતર કરી શકાય છે, જે હરિયાળા વાતાવરણમાં ફાળો આપે છે.સાજન શાહે વિશ્વ પર સામૂહિક અસર કરવા માટે નાના કાર્યો અને વ્યક્તિગત પ્રયાસોના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

તેમણે વિદ્યાર્થીઓને તેમની પાસે રહેલી તકોનો મહત્તમ ઉપયોગ કરવા અને વિશ્વમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયાસ કરવા પ્રોત્સાહિત કર્યા. તેમની હાજરી અને તેમના આંતરદષ્ટિપૂર્ણ ટોક શોએ વિદ્યાર્થીઓ પર કાયમી અસર છોડી, તેમને વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરવાની તેમની ક્ષમતાની યાદ અપાવી.માર્ગ સલામતીના મહત્વને ઓળખતા, સાજન શાહે શાળાના સમર્પિત ડ્રાઈવરોને યુવી ચશ્મા ભેટ આપીને તેમનો સહયોગ પણ આપ્યો. આ ચશ્મા તેમની આંખોને હાનિકારક અલ્ટ્રાવાયોલેટ (યુવી) કિરણોત્સર્ગથી બચાવવા માટે બનાવવામાં આવ્યા છે, જે રસ્તા પર હોય ત્યારે તેમની સુખાકારીની ખાતરી કરે છે.દિવ્યપથ સ્કૂલ આવી વધુ પહેલો માટે આતુર છે અને સાજન શાહને એક અનુકરણીય ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે મળવા બદલ ગર્વ અનુભવે છે જે પ્રેરક વક્તા અને યુવા શાંતિ દૂત તરીકે તેમના નોંધપાત્ર કાર્ય દ્વારા સમાજમાં યોગદાન આપવાનું ચાલુ રાખે છે.

# શ્રી રાજીવ પુરી, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા ૨૨.૦૬.૨૦૨૩ ના રોજ અમદાવાદ મુલાકાત



શ્રી રાજીવ પુરી, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા ૨૨.૦૬.૨૦૨૩ ના રોજ અમદાવાદ આવ્યા હતા. આ પ્રસંગે ટાઉન હોલ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટાઉનહોલ મીટીંગમાં મોટી સંખ્યામાં સ્ટાફગણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે ઝોનલ હેડ કવિતા ઠાકુર સાથે અમદાવાદ ઝોનના તમામ રીજનલ હેડ પણ ઉપસ્થિત રહ્યા હતા. બેંકના સ્થાપકના ફોટાને પુષ્પાંજલી કરી અને દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.પોતાના સંબોધનમાં ઝોનલ હેડ અમદાવાદ સર્કલની વ્યવસાયિક કામગીરી વિશે માહિતી આપી હતી અને તમામ સ્ટાફ સભ્યોને બેંકના વ્યવસાયમાં સક્રિયપણે સહયોગ આપવા જણાવ્યું હતું. અમદાવાદ ઝોનના તમામ રીજનલ હેડ પોતપોતાના સંબોધનમાં બેંકના વ્યવસાયમાં આદરણીય એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાહેબના યોગદાનની ચર્ચા કરી. તેમના મુખ્ય અતિથિ સંબોધનમાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી રાજીવ પુરીએ તમામ સ્ટાફ સભ્યોને બેંકના વ્યવસાય વિશે વર્તમાન માહિતી આપી હતી અને આશા વ્યક્ત કરી હતી કે આગામી સમયમાં બેંક વધુ સારા પરિણામો સાથે બહાર આવશે. તેમણે સ્ટાફના સભ્યોને વધુ જાગૃતિ સાથે કામ કરવા પર ખાસ ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં આભારવિધિ અમદાવાદના રીજનલ હેડ ડો. હિમાંશુ ગુપ્તા દ્વારા કરવામાં આવી હતી.

## ગુજરાત ડ્રગ્સનું પ્રવેશ દ્વારા અને એપી સેન્ટર બને તે ચિંતાજનક

# રાજ્યમાં સરકાર પાસે ડ્રગ્સની બદીને ડામવા માટે પુરતો પોલીસ ફોર્સ પણ નહી: એક લાખની જન સંખ્યા માટે માત્ર ૧૨૭ પોલીસકર્મી

૨૬ જુન એટલે વિશ્વ ડ્રગ્સ દિવસ ડ્રગ્સ-નશાકારક પદાર્થોથી દુર રહેવા લોકોને જાગૃત કરવા માટે આ દિવસની ઉજવણી થાય છે ત્યારે ગુજરાતમાં કરોડો રૂપિયાના ડ્રગ્સના ફુલેલો ફાલેલો કારોબારને કારણે રાજયના યુવાનોના ભવિષ્ય અંગે ચિંતા વ્યક્ત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી હિરેન બેન્કર જણાવ્યું હતું કે રાજ્યમાં હજારો કિલો ડ્રગ્સ પકડાય અને ભાજપ સરકાર વાહવાહી લુટે પરતું પાછલા બારણે કેટલું ડ્રગ્સ વેચાતું હશે? છેલ્લા ચાર વર્ષમાં ગુજરાતમાં ૬૪૫૬૧ હજાર કીલો ડ્રગ્સ પકડાયુ, જયારે ૯૮૬ લીટર પ્રવાહી ડ્રગ્સ તથા ૭૨૯૭૮ ડ્રગ્સ પીલ્સ-ઈન્જેકશન પકડાયા છે.મોઘવારી, બેરોજગારી ઉપરાંત અન્ય કારણોસર સગીર વયના બાળકો, મહિલાઓને ડ્રગ્સની તસ્કરી માટે ડ્રગ્સ માફિયાઓ ઉપયોગ કરી રહ્યા છે. ગુજરાતમાં ડ્રગ્સની બદીને નાથવામાં ભાજપ સરકાર નિષ્ફળ નીવડી છે. રાષ્ટ્રીય સર્વે અનુસાર ગુજરાતમાં વર્ષ ૨૦૧૮ના આંકડા પ્રમાણે રાજયના ૧૭ લાખ ૩૫૦૦૦ પુરુષો ડ્રગ્સના બંધાણી જયારે ૧ લાખ ૮૫ મહિલાઓમાં પણ ડ્રગ્સની બંધાણી છે જે દર્શાવે છે ગુજરાતમાં કયા હદે ડ્રગ્સનો કારોબાર ફુલ્યો ફાલ્યો છે. રાજય પોલીસ, એનસીબી, ડીઆરઆઈ સહીતની કેન્દ્રીય સંસ્થાઓ રાજયમાં બોર્ડર પોસ્ટ, પેટ્રોલિંગ, રાઉન્ડ-ધ-કલોક સર્વેલન્સ, સીસીટીવી કેમેરા સહીતની ટેકનોલોજી હોવા છતાં રાજયમાં હવાઈમાર્ગ, દરિયાઈમાર્ગ, પોર્ટ જેવા માર્ગથી ગુજરાતમાં કરોડો રૂપિયાનું હજારો કિલો ડ્રગ્સ ઠલવાઈ રહ્યું છે. ત્યારે ગુજરાત ડ્રગ્સનું પ્રવેશ દ્વારા અને એપી સેન્ટર બને તે ચિંતા જનક છે

રાજયમાં સરકાર પાસે આ ડ્રગ્સની બદીને નાથવા માટે પુરતો પોલીસ ફોર્સ પણ નહી. કેન્દ્ર સરકારના અહેવાલ અનુસાર દેશનાં પ્રતિ લાખ જનસંખ્યા પ્રમાણે ૧૯૬ પોલીસ જવાનની જરૂર જેની સામે હાલ માત્ર ૧૫૨ પોલીસ જવાન છે. ગુજરાતમાં પ્રતિલાખ જનસંખ્યા પ્રમાણે ૧૭૪ પોલીસ જવાન હોવા જેઈએ જેની સામે ગુજરાતમાં પ્રતિલાખ માત્ર ૧૧૭ પોલીસ જવાન છે જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ ઓછા પોલીસ જવાન છે. નશામુક્તિ અભીયાન, અવેરનેસ એક્ટીવીટી, ડ્રગ્સ અંગે જનજાગૃતિ કાર્યક્રમો માત્ર કાગળ પર હોય તેમ જણાઈ રહ્યું છે. સરકારે છેલ્લા કેટલાય સમયથી ડ્રગ્સ સામે લડાઈ લડતી સંસ્થાઓની ગ્રાન્ટ બંધ કરી દીધી છે. ગુજરાતમાં ડ્રગ્સની ભયાવહ બદીને નાથવા સ્કુલ અને કોલેજમાં એન્ટી ડ્રગ્સ - નો ડ્રગ્સ કેમ્પેઈન ચલાવાવામાં આવે, વહેલીતકે પોલીસકર્મીઓની ભરતી કરે અને ડ્રગ્સ માફિયાઓ પર તાત્કાલિક કડક પગલાં લે તેવી કોંગ્રેસ પક્ષની માંગ છે.ક્રમ ગુજરાતમાં પકડાયેલા ડ્રગ્સ – નશીલા પદાર્થ પ્રતિ એકલાખએ પોલીસકર્મી

વર્ષ કિલો લીટર નંગ મહેકમ ભરતી

વર્ષ ૨૦૧૮ ૧૫૧૧૭.૮ ૦ ૨૭૧૨૬ ગુજરાત ૧૭૪ ૧૨૭

વર્ષ ૨૦૧૯ ૧૪૯૨૩.૪ ૦ ૪૨૦૦ દેશ ૧૯૬ ૧૫૨

વર્ષ ૨૦૨૦ ૧૩૨૧૩.૨ ૮૯૪.૩ ૩૩૦૩૦ ગુજરાતમાં ડ્રગ્સ બંધાણીની સંખ્યા

વર્ષ ૨૦૨૧ ૨૧૩૦૭.૦ ૯૨.૩ ૮૬૨૨ પુરુષ ૧૭૩૫૦૦૦

કુલ ૬૪૫૬૧.૫ ૯૮૬.૬ ૭૨૯૭૮ મહિલા ૧૮૫૦૦૦

# બરવાળા તાલુકાની શ્રી ચાચરિયા પ્રાથમિક શાળામાં ઉજવાયો "વિશ્વ વ્યસનમુક્તિ દિવસ"




સતત સંસ્કાર, શિસ્ત અને મૂલ્યલક્ષી કેળવણીને લગતાં અનેકવિધ પ્રેરણાદાયી કાર્યક્રમો થકી ધબકતી શ્રેષ્ઠ સરકારી શાળા એટલે શ્રી ચાચરિયા પ્રાથમિક શાળા....

આજ રોજ તા - ૨૬/૦૬/'૨૩ ના રોજ સમગ્ર વિશ્વમાં ×વિશ્વ વ્યસનમુક્તિ દિવસની× ઉજવણી કરવામાં આવે છે ત્યારે આજે રોજ ચાચરિયા પ્રાથમિક શાળામાં શ્રી અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર પ્રેરિત વંદનીય પ્રયાસ એવાં વ્યસનમુક્તિ અભિયાનનું સુંદર પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું...

શાળા પરિવાર દ્વારા સમગ્ર શાળામાં વ્યસનમુક્તિનો દિવ્ય સંદેશો આપતાં વિવિધ બેનરોનું પ્રદર્શન અને પ્રેઝન્ટેશન ગોઠવવામાં આવ્યું છે તથા શાળા પરિવારના આચાર્ય શ્રી પ્રકાશભાઈ તથા તમામ ગુરુજનો? સાથે શાળાના ઈનોવેટિવ શિક્ષક અને કેળવણીકાર શ્રી પ્રવીણભાઈ ખાચર સાહેબ દ્વારા વ્યસનોથી દૂર રહેવા માટેની અને વ્યસનો કેવી રીતે વિનાશ તરફ દોરી જાય એની પ્રેરણાત્મક વાતો મુકી સૌને ઉત્તમ સંદેશો આપી તમામ બાળકોને આજીવન વ્યસનમુક્ત રહેવાનો અને ગળી સોપારી ન ખાવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. દરેક બાળકો પોતાના ઘરમાં માત પિતા અને મોટા ભાઈઓમાં રહેલા પાન,માવા,બીડી,સિગરેટ, તમાકું,ગુટખા,જેવા વ્યસનો દુર કરાવવામાં માધ્યમ બનવા કટીબધ્ધ બનતાં ખરા અર્થમાં આ કાર્યક્રમ ખૂબ પ્રેરણાદાયી બની રહ્યો હતો.શાળા પરિસરમાં પ્રાથમિક તબક્કામાં બાળકોની કક્ષાએ ગોઠવાયેલા આ અભિયાનમાં આજુબાજુના અનેક વાલીઓ ભીની આંખે જોડાતાં ભાવુક દ્રશ્યો સર્જાયા હતાં.સૌ વાલીઓએ લાગણી સાથે વ્યસનમુક્તિની ગંભીરતા સમજીને સમગ્ર પ્રદર્શન નિહાળ્યું હતું અને શાળા પરિવારના પ્રયાસને બીરદાવ્યો હતો

દર વર્ષે ભારતમાં આશરે ૧૩ લાખથી વધુ લોકોના મોત કેન્સરથી થાય છે અને નાના મોટા ૧૪% બાળકોમા વ્યસનનું પ્રમાણ ખૂબ વધ્યું છે આ બાબતની ગંભીરતા સમજી શાળા કક્ષાએ આવાં આયોજનો થાય એ ખૂબ જરુરી છે ત્યારે ગાયત્રી પરિવાર બોટાદ જિલ્લામાં આવાં અનેક ઉત્તમ કાર્યક્રમ કરી રહ્યોં છે ત્યારે બોટાદ જિલ્લામાં આ અભિયાનની શરુઆત આજના વિશ્વ વ્યસનમુક્તિ દિવસે શ્રી ચાચરિયા પ્રાથમિક શાળા પરિવારે કરી સૌને અનેરી પ્રેરણા પુરી પાડી છે.

અહેવાલ કનુભાઈ ખાચર

## ધ્યાન-અભ્યાસ દ્વારા

# ભગવાનના પ્રેમનો અનુભવ કરીએ - સંત રાજીન્દર સિંહજી મહારાજ - સાવન કૃપાલ રૂહાની મિશન



ઘણા લોકોને લાગે છે કે આપણે બ્રહ્માંડમાં એકલા છે. આપણે આશ્ચર્ય કરીએ છીએ કે શું ભગવાન છે, અને જો એક છે, તો ભગવાન આપણા વિશે પણ કેવી રીતે જાણશે કારણ કે વિશ્વમાં અબજો લોકો છે.વિજ્ઞાનના આ યુગમાં, ભગવાનને એવી શક્તિમાં વિશ્વાસ કરવો મુશ્કેલ છે કે જે આપણું સર્જન કરી શકે અને આપણને પ્રેમ કરી શકે. અમને લાગે છે કે પ્રેમ આપણે મનુષ્ય તરીકે જાણીએ છીએ, જેમ કે માતાપિતા અને બાળકો, પ્રેમીઓ અને પ્રિયજનો, જીવનસાથી અથવા પરિવારો વચ્ચેનો પ્રેમ. આપણે આ શારીરિક આંખોથી ભગવાનને જોવા માટે અસમર્થ છીએ, કે આપણે આપણા બહારના કાનથી ભગવાનને સાંભળી શકતા નથી. આમ, આપણે વિચારીએ છીએ કે કદાચ ભગવાનનું અસ્તિત્વ નથી.

જો કે, ભગવાન ત્યાં છે અને તે અમને બધા ક્ષણો માં આપણે પ્રેમથી સ્વીકારે છે. ફક્ત એટલા માટે કે આપણે તે પ્રેમથી પરિચિત નથી, એનો અર્થ એ નથી કે ભગવાન ત્યાં નથી. જેમ બાળકો તેમના માતાપિતાના તેમના પ્રત્યેના પ્રેમની તીવ્રતાને જાણી શકતા નથી, તેમ આપણે જાણી શકતા નથી કે ભગવાનને આપણા માટે અપાર પ્રેમ છે. આપણે હંમેશાં ભગવાનના રક્ષણાત્મક આલિંગનમાં વીંટળાઈએ છીએ.તે પ્રેમની અને રચનાની રક્ષણાત્મક છે જે તેના પ્રેમની શક્તિથી અસ્તિત્વમાં છે. ભગવાન એ સૃષ્ટિને પ્રેમની બહાર બનાવવાની અને તે જ ઈચ્છાની રચના કરી.

આપણે બધા ધ્યાન-અભ્યાસ દ્વારા ભગવાનના અંદરના પ્રેમનો અનુભવ કરી શકીએ છીએ. જેમ જેમ આપણે ધ્યાન આપીએ છીએ અને ઈશ્વરના આંતરિક પ્રકાશ અને અવાજ સાથે જોડીએ છીએ, ત્યારે આપણે ભગવાનના પ્રેમ અને પ્રકાશથી પ્રભાવિત થઈશું, અને આપણા જીવનમાં ભગવાનની હાજરીનો અનુભવ કરીશું.

જ્યારે આપણે ધ્યાન કરીશું ત્યારે આંતરિક ક્ષેત્ર - શાંતિ અને પ્રેમ સાથે સંપર્ક કરીશું અને ભગવાનની અંદરના દૈવી પ્રેમનો અનુભવ કરીએ છીએ, ત્યારે આપણે આનંદ, આનંદ અને આનંદથી પ્રભાવિત થઈશું. આ અનુભવ આપણું ધ્યાન વિશ્વના તાણ અને પીડાથી દૂર લઈ જાય છે. જેમ જેમ આપણે ધ્યાનમાં સમય પસાર કરીએ છીએ, તેમ આપણે શાંતિ પ્રાપ્ત કરીએ છીએ. તે આપણી અંદર આનંદ અને શાંતિનું ખાનગી એકાંત પણ આપે છે. - સંત રાજીન્દર સિંહજી મહારાજ

# શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સદભાવના વૃધ્ધાશ્રમનાં નવા પરિસર માટે સમગ્રપણે ૫૧ લાખનું માતબર અનુદાન કરાયું

શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા સદભાવના વૃધ્ધાશ્રમનાં નવા પરિસર માટે સમગ્રપણે ૫૧ લાખનું માતબર અનુદાન કરાયું. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) જયેશભાઈ જરીવાલાનાં નેજા હેઠળ સંસ્થા દ્વારા અનેકો સેવાના કાર્યો કરવામાં આવે છે. નકામી બંજર જમીનમાં નેપીયેર ઘાસ ઉગાડવા માટે મદદ કરવામાં આવે છે. પશુઓને શાતા મળી રહે તે માટે શેડ, ચારા, ગોદામ તેમજ પાણીનાં અવેડા, ગમાણ વિગેરે અકોલા, નાંદેડ, યવતમાલ, વર્ધા, નાગપુર, મહારાષ્ટ્રમાં બંધાવી આપ્યા છે. દર વર્ષે મેગા એનીમલ કેમ્પનું વિવિધ ગ્રામ્ય વિસ્તારમાં આયોજન કરવામાં આવે છે. વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુકત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભેર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધો/વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતુ નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળુ પણ કોઈ ન હોય, એકલવાયી–નિરાધાર હાલતમાં પોતાન જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યકિતઓ (કોઈપણ ઉંમરનાં) માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમરનાં)ને પણ સદભાવના વૃધ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિઃશુલ્ક આશ્રય અપાઈ રહયો છે. રાજકોટમાં દેશનો મોટો ૭૦૦ રૂમનો સદભાવના વૃદ્ધાશ્રમ બનશે. જેમાં એકસાથે ૨૧૦૦ પથારીવશ બીમાર વૃદ્ધોને આશરો આપી તેની સાર - સંભાળ લઈ સારવાર કરાશે. દેશના કોઈ પણ ખૂણે નિરાધાર વૃદ્ધ લાચાર, પથારિવશ વૃદ્ધોને હવે આગામી સમયમાં રાજકોટ ખાતે આશરો મળવાની સાથે યોગ્ય સારવાર પણ મળી રહેશે. સદભાવના વૃદ્ધાશ્રમના સંચાલકો જણાવે છે કે આખો પ્રોજેક્ટ કુલ રુ.૨૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવશે. કુલ ૭ ટાવર હશે. આ આશ્રમમાં એવા જ વડીલોને આશરો અપાશે કે જે નિરાધાર છે જેને કોઈ સંતાન નથી તેમજ જેઓ લાચાર છે.

# 'નશાકારક પદાર્થોના દુરુપયોગ અને ગેરકાયદેસર વેપાર વિરોધી દિવસ' નિમિત્તે ભિક્ષુક ગૃહ ઓઢવ ખાતે યોજાયો 'નશામુક્ત ભારત અભિયાન કાર્યક્રમ'

**અમદાવાદ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી દ્વારા નશાકારક પદાર્થોના દુરુપયોગ અને ગેરકાયદેસર વેપાર વિરોધી દિવસ નિમિત્તે આજે ભિક્ષુક ગૃહ ઓઢવ ખાતે 'નશામુકત ભારત અભિયાન' સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.**

**ઉપરોક્ત કાર્યક્રમમાં પ્લેકાર્ડ દ્વારા સુત્રોચાર કરી તેમજ પરિસંવાદ, વર્કશોપ અને સંસ્થામાં આશ્રય લઈ રહેલા અંતેવાસીઓને નશાના માદક દ્રવ્યોથી દૂર રહેવા તથા તેઓની આસપાસ રહેતા લોકોને પણ આ દુષણથી દૂર રાખવા માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સોલા હોસ્પિટલ, અમદાવાદ જિલ્લા માનસિક આરોગ્ય કાર્યક્રમના શ્રી એન. જે. સોનારા (કિલનિકલ સાયકોલોજીસ્ટ) દ્વારા નશાકારક પદાર્થોની શરીર પર અને મન પર થતી અસરો વિશે વિસ્તૃત સંવાદ કરી અંતેવાસીઓને પ્રતિજ્ઞા લેવડાવામાં આવી હતી.**


**સ્થળ ઉપર ઉપસ્થિત સ્ટાફ સાથે રહીને સૌ કોઈએ 'નશામુકત અમદાવાદ જિલ્લો જવાબદારી આપણા સૌની' થીમ સાર્થક કરવા પ્રતિબંધતા દર્શાવી હતી.**

**ઉપરોક્ત કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી એચ. એમ. પરમાર, દિવ્યાંગો માટે કાર્યરત સંસ્થા ભિક્ષુક ગૃહ ઓઢવના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા સમાજ સુરક્ષા વિભાગના અન્ય કર્મચારીઓ હાજર રહ્યાં હતા.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

## ‘આર્ષ’ અક્ષરધામ, પ્રવચનમાળા અંતર્ગત

# ‘ભક્તિમાર્ગ પ્રવર્તક શ્રી રામાનુજાચાર્ય’ વિષય ઉપર ૧૦૨ મું પ્રવચન યોજાયું



માનવતાવાદ, વ્યવહારું તત્ત્વજ્ઞાન અને વૈષ્ણવ-ભક્તિ એ શ્રી રામાનુજની મોટી ભેટ. – પ્રો. પૂ. બ્રહ્મમનનદાસ સ્વામી

### શ્રી રામાનુજાચાર્ય ભક્તિ ઉપાસનાનો માર્ગ બતાવી ભક્તિ સંપ્રદાય વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપન કર્યું. – સદગુરૂ પૂ. વિવેકસાગરદાસ સ્વામી

ગાંધીનગર

‘આર્ષ’ શોધ સંસ્થાન અક્ષરધામ ગાંધીનગર દ્વારા વિશ્વવંદનીય સંત પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ. પૂ. મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ છેલ્લા ૨૬ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ વહેતી આર્ષ પ્રવચનમાળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિવિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર - વિષયો આવરી ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. આ ક્રમ અંતર્ગત વ્યક્તિવિશેષ વિષયક ‘ભક્તિમાર્ગ પ્રવર્તક શ્રી રામાનુજાચાર્ય’ વિષય પર ૧૦૨માં પ્રવચનનું આયોજન તા. ૨૪-૦૬-૨૦૨૩ના રોજ સાંજે ૦૪.૩૦ થી ૦૭.૦૦ સમય દરમ્યાન અક્ષરધામ, હરિમંદિર, સભાગૃહ ખાતે યોજાયું હતું. આ પ્રસંગે વક્તા તરીકે પ્રો. પૂ. બ્રહ્મમનનદાસ સ્વામી, અધ્યાપકશ્રી, બી. એ. પી. એ સ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુર તથા વેદાંતાચાર્ય,ँર.ह्व., ँ., અ.પુ, તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાતા સદગુરૂ પૂ. વિવેકસાગરદાસ સ્વામીએ અધ્યક્ષીય પ્રવચન સહ આશીર્વચનનો લાભ આપ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. પ્રવચનમાં ૧૨૦૦ થી પણ વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રો. પૂ. બ્રહ્મમનનદાસ સ્વામીએ ભક્તિમાર્ગ પ્રવર્તક શ્રી રામાનુજાચાર્ય વિષયક વાત કરતાં જણાવ્યું હતું કે, રામાનુજાચાર્યના સંપ્રદાયને શ્રીસંપ્રદાય કહેવાય છે. આ સંપ્રદાયની પરંપરામાં બે પ્રકાર છે. આલવારો અને આચાર્ય. ઈ.સ. પૂર્વ ૪૨૦૦ થી ૨૭૦૦ માનવામાં આવે છે. આલવાર એટલે પરમાત્માની ભક્તિમાં નિમગ્ન સંત ભક્ત-મહાત્મા. આલવારોએ ભક્તિપદની રચના કરેલ છે. તેને દિવ્યપ્રબંધ કહેવામાં આવે છે. તેમાં ૧૨ આલવારો થઈ ગયા. તેમને વૈદિક પરંપરાની સેવા કરી તમિલ ધર્મગ્રંથોનો ઉદ્ધાર કર્યો. આલવારો પછી આચાર્ય પરંપરા શરૂ થાય છે. તેમની વિશેષતા એ છે કે તેમને સંપ્રદા.ના પ્રવર્તન અને રક્ષણ માટે પુરુષાર્થ કર્યો. મુખ્ય ત્રણ આચાર્યોમાં નાથમુનિ, યમુનાચાર્ય અને રામાનુજાચાર્ય. રામાનુજાચાર્યના ગુરુ યમુનાચાર્ય હતા. યમુનાચાર્યના ચાર પુત્ર હતા. યમુનાચાર્યએ પાંચ શિષ્યોને વિદ્યાદાન કરેલું કર્યું. તેમને ૬ ગ્રંથોનું લેખન કરેલ છે.

રામાનુજાચાર્ય નું જન્મ પેરુંગબદરમાં થયો હતો. જન્મનું નામ લક્ષ્મણ હતું પછી તેમને લક્ષ્મણનો અવતાર તરીકે જાણીતા થયા અર્થાત શેષજીનો અવતાર કહેવાય. પછી રામાનુજાચાર્ય તરીકે પ્રસિદ્ધિ પામ્યા. જન્મનું સ્થાન છોડી કાંચીપુરમમાં રહી અભ્યાસ કર્યો યાદવપ્રકાશનાનમા વિદ્વાન જોડે પૂર્વ મીમાંસા વગેરેનો અભ્યાસ કર્યો, ત્યારબાદ વેદાંતનો અભ્યાસ શરૂ કર્યો. ઉપનિષદના શબ્દોનાં નવા-નવા અર્થો કરતાં ગુરુ-શિષ્ય વચ્ચે દ્વેષભાવ જાગૃત થયો અને તેમને મારવાનું ષડયંત્ર રચ્યું. પરંતુ ભગવાને રક્ષા કરી. એવું ષડયંત્ર રચાયેલું તેમ છતાં ગુરુ પ્રત્યે કોઈ દ્વેષભાવ ન્હોતો. તે પ્રસંગમાં તેમનો દાસ ભાવ જોવા મળે છે. આ વાત સાંભળી તેમની માતાને પણ ઘણું દુઃખ થયેલું. શ્રીરામાનુજાચાર્યના પવિત્ર અને અભૂતપૂર્વ વ્યક્તિત્વ, પ્રતિભાશાળી અને લોકોત્તર જીવનની વાતો ચારે બાજું ફેલાયેલી. રામાનુજાચાર્યને શ્રીરંગમ્ લાવવા યમુનાચાર્યએ મહાપૂર્ણ સ્વામીને કાંચીપુરમ મોકલ્યા. તેમને દેહત્યાગ કરતાં પહેલાં (૧) બ્રહ્મસુત્ર ઉપર શ્રીભાષ્ય લખવું (૨) શ્રીમત્પરાશરમુનિનો ઉપકાર જાણી શિષ્યનું પરાશર મુની નામ રાખવું અને (૩) શ્રી આલવાર શ્રીપરાકુશમુનિનું નામ રાખવું. ગુરુની ઈચ્છાનુસાર આ ત્રણેય કાર્ય કરવા પ્રતિજ્ઞા કરી. ગુરુના દેહત્યાગ પછી મહાપૂર્ણ સ્વામી પાસે દીક્ષા લીધી. જુદી-જુદી વિદ્યાના ઉપદેશનું ગ્રહણ કર્યો.

ત્યારબાદ રામાનુજાચાર્ય તેમના પત્નીના સુત- અસુતના વર્તનને કારણે તેમણે ગૃહત્યાગ કરી સંન્યાસ ગ્રહણ કર્યો. તેમને કાંચીમાં વરદાજ મંદિરમાં નિવાસ કર્યો તેમનો પ્રથમ શિષ્ય કૂરેશ હતા. બીજા યાદવપ્રકાશ શિષ્ય થયા. લોક કલ્યાણ માટે ગુરુમાં વચનને અવગણીને લોકકલ્યાણ માટે મંત્ર આપ્યો અને પોતાના ગુરુને આપેલા ત્રણ વચન પૂર્ણ કર્યા તેમણે શ્રીભાષ્ય, ગીતા ભાષ્ય વગેરે ગ્રંથોની રચના કરી.

૧૧મી સદીમાં તેમની ભક્તિ પરંપરા, તેમના પ્રંચડ કાર્યનો એવો પ્રબળ પ્રભાવ પડ્યો કે તે સમયથી વિશિષ્ટાદ્વૈત મત અને શ્રી રામાનુજ મત એકમેકના પર્યાય બની ગયા. ૧૨૦ વર્ષનું દીર્ધાયુ આયુષ્ય ભોગવી પરમપદ પામી પૃથ્વી પર વસતા અધ્યાત્મના લાખો ચાહકોના હૃદયમાં સ્થાન મેળવ્યું અને લોકોમાં સનાતન ધર્મને ફરીથી સન્માનિત કર્યો.

તેમને ભગવાન વિષ્ણુનાં મંદિરો બંધાવ્યા. ૧૨૦ વર્ષમાં તેમને મહાન ભક્તોની મૂર્તિઓ પધરાવી. તેમનામાં ઉદારતા અને ભક્તિ જોવા મળે છે. વિશિષ્ટાદ્વૈત વૈષ્ણવ સિદ્ધાંતનું સ્થાપન કરી, ભક્તિ પ્રત્યેની આસ્થાને જ્ઞાનની ભૂમિકા પર સ્થાપી, હિંદુ ધર્મની સંગીનતા સમજાવી લોકોને ધર્માભિમુખ રાખવાનું ભગીરથ કાર્ય કર્યું, ગહન તત્ત્વજ્ઞાનને ભક્તિમાર્ગમાં ઢાળીને સરળ, લોકભોગ્ય અને રસપ્રદ બનાવ્યું, મનુષ્યોની સમાનતા પર ભાર મૂક્યો. માનવતાવાદ, વ્યવહારું તત્ત્વજ્ઞાન અને વૈષ્ણવ-ભક્તિ એ શ્રી રામાનુજની મોટી ભેટ.

તેમને આગળ વાત કરતાં જણાવ્યું કે, ભગવાન સ્વામિનારાયણે પણ રામાનુજાચાર્યને આદર આપેલો છે. તેઓ રામાનુજાચાર્યના બધા મુખ્ય તીર્થમાં પધારી તીર્થત્વ આપેલ છે. ઘણી વખત રામાનુજાચાર્ય વિરચિત શ્રીભાષ્ય, ગીતા ભાષ્ય સાંભળતા. વેદાંતના સાત દર્શનનો પ્રસિદ્ધ છે. વેદાંતના દર્શનમાં ગુરુ પરંપરા નો સ્વીકાર કરવામાં આવે છે. તેમાં સમાનતાનાં દર્શન થયા છે. સાથે સાથે અક્ષરપુરુષોત્તમ દર્શન અને વિશિષ્ટાદ્વૈત દર્શન બંને દર્શનો અમુક અંશે સમાન છે અને વિલક્ષણ પણ તેની વાત કરી હતી

સદગુરૂ પૂ. વિવેકસાગરદાસ સ્વામીએ અધ્યક્ષીય પ્રવચન સહ પ્રસંગોચિત વાત કહેતાં જણાવ્યું હતું કે, વૈષ્ણવ આચાર્યો અને આલવારોએ વૈષ્ણવ ભક્તિ-સંપ્રદાય સ્થાપવાનો પ્રયત્ન તો કર્યો, પરંતુ કોઇ એવા પ્રબળ તત્વજ્ઞાનની પણ જરૂર હતી જે વેદાંતને મિથ્યાવાદથી તાત્વિક દષ્ટિએ બચાવે. એ ધ્યેય લઈને શ્રી રામાનુજ આવ્યા. એક તરફ મીમાંસકોનો કંટાળાજનક નીરસ કર્મકાંડ સાથે બૌદ્ધ ધર્મનો પ્રસાર વધતો ગયો તેવા સમયમાં શંકરાચાર્યનો પ્રાદુર્ભાવ થયો અને હિંદુ ધર્મને વ્હારે આવ્યા. ભાષ્યો રચિ અદ્વૈત સંપ્રદાયની સ્થાપના કરી. ત્યારબાદ શ્રી રામાનુજાચાર્ય ભક્તિ ઉપાસનાનો માર્ગ બતાવી ભક્તિ સંપ્રદાય વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપના કરી, બ્રહ્મસૂત્ર અને ગીતા ભાષ્યની રચના કરી ભક્તિની ઉપાસનાને વેગ આપ્યો અને સૌને પ્રેમરસમાં ભીના કર્યા.

રામાનુજાચાર્ય વિશિષ્ટાદ્વૈત દર્શન અને અક્ષરપુરુષોત્તમ દર્શન વચ્ચેની વિલક્ષણતાની વાત કરી બંને જુદા છે તેવી વાત કરી રામાનુજાચાર્યનો શરીર-શરીરીનો મત સ્વામિનારાયણ ભગવાન સ્વીકારેલો. માનવતાવાદની વાત સ્વીકારેલી તેના આધારે ચિન્નાજીયર સ્વામીએ સ્ટેચ્યુ ઓફ ઈકવાલિટી સ્થાપના કરેલ. ભક્તિમાર્ગના પ્રથમ પ્રવર્તક તરીકે રામાનુજાચાર્ય નામ પ્રસિદ્ધ છે તેવી વાત કરી પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

પ્રવચનના અંતમાં આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળાની પ્રણાલી મુજબ આગામી ૧૦૩માં સામાજિક સમસ્યા વિષયક પ્રવચન “જૈંટ્ટીહિંહ્મ્રૈ હ ’રી ટ્ટપ્ની ’ક જૈષ્ઠૈટ્ટઞ્ ટ્ટીદ્બટ્ટ” (સોશિયલ મીડિયાના યુગમાં બાળ ઉછેરની પદ્ધતિ)’ ની રૂપરેખા બીએપીએસ બાળપ્રવૃત્તિ કૉ-ઓર્ડિનેટર પ.ભ. યતીનભાઈ માવાણીએ આપી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. જયેશભાઈ માંડણકાએ કર્યું હતું. છેલ્લે પ.ભ. વાડીલાલ ઠક્કરે શાબ્દિક આભારવિધિ કરી હતી.

# બદ્રી કેદારનાથ ચારધામ યાત્રાએ છેલ્લા બે માસમાં પહોંચ્યા ૩૧ લાખ શ્રદ્ધાળુઓ



ભારે વરસાદી તોફાન વચ્ચે પણ શ્રદ્ધાળુઓ દર્શન માટે અડગ

દેવભૂમિ ઉત્તરાખંડ પ્રકૃતિની ગોદમાં વસેલ ભારતના સર્વશ્રેષ્ઠ યાત્રાધામમાં ચારધામની યાત્રામાં શ્રદ્ધાળુઓનું જાણે ઘોડાપૂર ઉમટેલ છે. દેશ વિદેશના પ્રભુપ્રિય ભક્તો અડગ વિશ્વાસ સાથે આગળ વધી રહેલ છે.

ઉત્તરાખંડ પર્વતોમાં અધ્યાત્મ પ્રવાસે આવેલ અમારા બ્રહ્માકુમારીઝ મીડિયાના સંયોજક શશીકાંત ત્રેવેદી સાથે સંકલનમાં રહી ભરત શાહ, ગાંધીનગરના જણાવ્યા અનુસાર ૨૫ થી ૨૯ જૂન આજે ભારે વરસાદનુ એલર્ટ છે. જે મુજબ આજે ભારે વરસાદ હતો પર્વતો પરથી અનેક રસ્તાઓ પર ભેખડો ઘસી આવતા વારંવાર ચારધામ તરફના રસ્તાઓ બંધ થઈ ગયેલ. નદીઓમાં પૂર આવતા ૫,૦૦૦ યાત્રાળુઓને રોકવામાં આવેલ. ઠંડી અને વાદળો વચ્ચે દર્શનની દ્રઢ ઈચ્છા ધરાવતા હજારો યાત્રાળુઓ અડગ જોવા મળ્યા. અત્યાર સુધી ૩૧ લાખ શ્રદ્ધાળુઓ દર્શન કરી પરત થયા છે, ત્યારે અહીંના ઘોડાઓ ખચ્ચરની સંખ્યા ૬,૫૦૦ થી વધુ છે જેનો વ્યાપાર રેકોર્ડ બુક ૮૨ કરોડ પર પહોંચેલો છે. જેથી ૨૦,૦૦૦ પરિવારોની આર્થિક આવકમાં વધારો થયો છે હજુ કુલ ૪૯ લાખનું દર્શનાર્થીઓનું રજીસ્ટ્રેશન થયેલ છે. દરમિયાન નરેન્દ્રનગરમાં જી ૨૦ બેઠકમાં ભાગ લેવા ૨૦ દેશોના પ્રતિનિધિ આવેલ છે જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્કિંગ પર વિચાર વિમર્શ કરશે અહીં હજુ ૩ દિવસ વરસાદની આગાહી છે. પર્વતો વાદળો ઘટાદાર વૃક્ષો વચ્ચે પ્રકૃતિની ગોદમાં સહેલાણીઓ કુદરતી સૌંદર્ય નિહાળતાં પરમાત્મા શક્તિની અનુભૂતિ કરી રહેલ છે. એશિયાના સૌથી મોટો ડેમ અહીં ટી હરિમાં આવેલ છે જયાનો કુદરતી નજારો જોવા જેવો છે.

# સાંસ્કૃતિક યોદ્ધાઓએ લોકોને આપણી સંસ્કૃતિ પરના હુમલાઓથી જાગૃત કરવા જોઈએઃ ઉત્તર પ્રદેશના સીએમ યોગી

ઉત્તર પ્રદેશના આદરણીય મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથજી મહારાજ, લોકસભાના ભૂતપૂર્વ સ્પીકર શ્રીમતી સુમિત્રા મહાજનજી અને સેવ કલ્ચર સેવ ઈન્ડિયા ફાઉન્ડેશનના ભીષ્મપિતામહ અને સંસ્કૃતિ પ્રેમી ઉદય માહુરકરજીના વરદ હસ્તે ગૌતમ બુદ્ધ યુનિવર્સિટી નોઈડા ખાતે સાંસ્કૃતિક યોદ્ધા એવોર્ડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે, વિકૃતિ ફેલાવનારા રાક્ષસોની સામે સમાજને જાગૃત કરનારી શોર્ટ ફિલ્મ "કૃપયા ધ્યાન દે" લોંન્ચ કરી હતી.

‘સેવ કલ્ચર સેવ ઈન્ડિયા’ ફાઉન્ડેશનના સ્થાપક ઉદય માહુરકરે જણાવ્યું હતું કે ભારતને એક મહાન રાષ્ટ્ર બનાવવા માટે વિકૃત સામગ્રીના નિર્માતાઓ સામે સંપૂર્ણ યુદ્ધ લડવાની જરૂર છે નહીં તો જગત ગુરુ બનવાનું ભારતનું મહાન સ્વપ્ન પાટા પરથી ઉતરી શકે છે.

ઓટીટી અને સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ પરથી પ્રસારિત થતાં કાર્યક્રમ પર નિયમન હોવા છતાં ગંદી ગાળો,અશ્લીલતા અને વ્યભિચાર, માંસ મટન આરોગતા દ્રશ્યો, સુરુચિ ભંગ થાય તેવા દ્રશ્યો, સનાતન સંસ્કૃતિ વિરુદ્ધનાં દ્રશ્યો વગેરે સતત દર્શાવવાંમાં આવે છે. ઓટીટી અને સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ પરથી પ્રસાર થતાં અમુક કાર્યક્રમો માતા-પુત્ર, સસરા-વહુ, દિયર-ભાભી, શિક્ષક-વિદ્યાર્થીનાં પવિત્ર સંબંધને વ્યભિચારનાં સ્વરૂપે દર્શાવે છે, જે ભારતીય સંસ્કૃતિની વિરુદ્ધ છે. આ ઉપરાંત આવા કાર્યક્રમને જોવાથી વ્યક્તિનાં માનસ પર વિકૃત અસર થાય છે. ઓટીટી અને સોશિયલ મીડિયાના પરથી પ્રસારિત થતાં કાર્યક્રમમાં નવી ગાઈડલાઈન આવવા છતાં પણ ગંદી ગાળો અને અશ્લીલતાઓ ભરેલી વિકૃત સામગ્રીનો કચરો ઠલવાઈ રહ્યો છે,જે ચિંતાનો વિષય છે. દેશમાં હિંસા, વ્યભિચાર, નારી હિંસા, ઘરેલુ હિંસા, યૌન શોષણ, તલાક જેવા કિસ્સાઓમાં વધારો થયો છે તેના માટે ઓટીટી અને સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ પરથી પ્રસારિત થતી અશ્લીલતા - અભદ્ર અને વિકૃત સામગ્રી જવાબદાર છે.

જ્યાં નારીને પૂજવાની વાત કરવામાં આવે છે ત્યાં વ્યભિચાર દર્શાવીને તેનું ઓટીટી દ્વારા અપમાન કરવામાં આવે છે.પ. પૂ. પં. શ્રી જિનપ્રેમવિજયજી મ.સા.ના માર્ગદર્શન અને આશીર્વાદથી એડવોકેટ અભય શાહને ‘સ્વચ્છ સાયબર અભિયાન વર્ષ ૨૦૨૩’માં સક્રિય યોગદાન આપવા બદલ ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનાં હસ્તે ‘સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર - ૨૦૨૩’ અર્પણ કરવામાં આવ્યો હતો.




એડવોકેટ અભય શાહને સાંસ્કૃતિક મૂલ્યોનું રક્ષણ કરવા ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજીનાં હસ્તે મળ્યો ‘સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર’

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે સાંસ્કૃતિક મૂલ્યો સમાજનું મૂળ છે અને જો તેના મૂળ પર હુમલો કરવામાં આવે તો સમાજ ટકી શકશે નહીં, સાંસ્કૃતિક મુલ્યોનાં રક્ષણ માટે લડી રહેલા વ્યક્તિઓનું સન્માન કરવું જરૂરી છે.

ભૂતપૂર્વ લોકસભા સ્પીકર સુમિત્રા મહાજને નાગરિકોને અશ્લીલ સામગ્રી સામે ઉભા થવા અને અશ્લીલ સમાજ દ્વારા સમાજના અધોગતિને મૂંગા દર્શક બનીને ન જોવા હાકલ કરી હતી. તેમણે કહ્યું કે સારા લોકો હંમેશા સમાજમાં ખરાબ લોકો કરતાં વધુ હોય છે પરંતુ તે સારા લોકોએ સમાજના સારા માટે ફરજિયાત અનિષ્ટ સામે તેમની શક્તિ એકસાથે મૂકવી પડશે.

એવોર્ડ મેળવનારાઓમાં સ્વચ્છ સાયબર ભારતના અભય શાહ, ક્રિએટિવ બ્રાન્ડિંગ અને બહુચર્ચિત ફિલ્મ ’એક લડકી’ના નિર્માતા મનીષ પ્રણિયા, મુવી પિકસેલના વરિષ્ઠ લેખક અને સીઈઓ વૈશાલી શાહ, ફિલ્મ નિર્માતા પ્રવીણ ચતુર્વેદી, હિન્દુ જનજાગરણ સમિતિના પ્રવક્તા રમેશ શિંદે, પત્રકાર સ્વાતિ ગોયલ શર્મા, ટીવી એન્કર પ્રદીપ ભંડારી, જેમ્સ ઓફ બોલીવુડ ચળવળ ચલાવતા સંજીવ નેવાર અને સુપ્રીમ કોર્ટના એડવોકેટ વિષ્ણુ શંકર જૈનનો સમાવેશ થાય છે.